Monday, 10 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૨૮૨ ● સંવત-૨૦૮૨ કારતક વદ છઠ ● Web: www.vartmanpravah.com
vartmanpravah @VartmanPravahD



અહિંસા જ ધર્મ છે, અને તે જ જીવનનો એક માર્ગ છે.
-મહાત્મા ગાંધીજી

## દમણ જિ.પં.ની મરવડ બેઠક ઉપરથી વિજેતા ઉમેદવાર ધર્મિષ્ઠાબેન સુરેશભાઈ પટેલે ભાજપને જાહેર કરેલું સમર્થન

### સાંસદ ઉમેશ પટેલની ઢોંગી અને છેતરામણી રાજનીતિનો પર્દાફાશ કરવા ચૂંટણી લડી હોવાનો દાવો



### સાંસદશ્રી મોટી મોટી વાતો કરે છે, તો શા માટે તેમણે પોતાના હોમટાઉન મરવડથી પોતાની ધર્મપત્ની કે, દિકરીને નથી લડાવ્યા...?: વિજેતા જિ.પં. સભ્ય ધર્મિષ્ઠાબેન પટેલના પતિ સુરેશભાઈનો સોંસરો સવાલ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૦૯

દમણ જિલ્લા પંચાયતની મરવડ બેઠક ઉપરથી અપક્ષ જીતેલા શ્રીમતી ધર્મિષ્ઠાબેન સુરેશભાઈ પટેલે ભારતીય જનતા પાર્ટીને પોતાનું સમર્થન જાહેર કર્યું છે. તેમણે આ બેઠક ઉપરથી ચૂંટણી દમણ-દીવના સાંસદ શ્રી ઉમેશ પટેલને પડકાર ફેંકવા માટે લડી હોવાનું પણ જણાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દમણ જિલ્લા પંચાયતની મરવડ બેઠક ઉપરથી અપક્ષ વિજેતા થયેલા શ્રીમતી ધર્મિષ્ઠાબેન સુરેશભાઈ પટેલના પતિ શ્રી સુરેશભાઈ પટેલે એક વિડિયો સંદેશમાં દમણ-દીવના સાંસદ શ્રી ઉમેશ પટેલના બેવડા ધોરણ અને કરણી અને કથનીનો ભેદ ઉજાગર કર્યો છે. શ્રી સુરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ બેઠક ઉપર અમે ચૂંટણી સાંસદ શ્રી ઉમેશ પટેલની ઢોંગી અને છેતરામણી રાજનીતિનો પર્દાફાશ કરવા માટે લડી હતી. અમારી જીતનો શ્રેય માત્ર અને માત્ર સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે કરેલા વિકાસને જાય છે. આ જીત પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલની પણ છે અને અમે ભાજપના વિરૂદ્ધમાં ઉભા નથી રહ્યા.

શ્રી સુરેશભાઈ પટેલે એક વાતચીતમાં જણાવ્યું હતું કે, સાંસદશ્રી મોટી મોટી વાતો કરે છે, તો શા માટે તેમણે પોતાના હોમટાઉન મરવડથી પોતાની ધર્મપત્ની કે, દિકરીને નથી લડાવ્યા...? કારણ, બધાને ખબર જ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

## મરવડ અને દુણેઠામાં ભાજપના કાર્યકરોએ પંચાયત ચૂંટણીમાં ભાજપની જીતની ઉજવણી માટે કાઢેલું વિજય સરઘસ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૦૯

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણીમાં શાનદાર વિજય બાદ, દમણમાં ભાજપના કાર્યકરોએ ખુશી મનાવવા વિજય સરઘસ કાઢીને જશ્ન મનાવી રહ્યા છે. આ ઉજવણીના ભાગ રૂપે, દમણના મરવડ અને દુણેઠામાં આજે ભાજપના કાર્યકરોએ વિજય સરઘસ કાઢ્યું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે, દમણ જિલ્લાની મરવડ ગ્રામ પંચાયત બેઠક પર ભાજપના ઉમેદવાર શ્રી રમેશભાઈ બાબુભાઈ પટેલ (સોમાભાઈ પટેલ) જીત્યા, જ્યારે દુણેઠામાં ભાજપના ઉમેદવાર શ્રીમતી મીનાક્ષીબેન શંકરભાઈ પટેલે જિલ્લા પંચાયત બેઠક પર અને દુણેઠા સરપંચ બેઠક પર શ્રીમતી આશાબેન સંજયભાઈ પટેલે જીત મેળવી છે.

ભાજપની જીત બાદ, આજે દુણેઠા અને મરવડ પંચાયતોમાં વિજય સરઘસ કાઢવામાં આવ્યા હતા. આ પ્રસંગે, પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયા, પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી જીગ્નેશ પટેલ અને દમણ-દીવના પૂર્વ સાંસદ શ્રી લાલુભાઈ પટેલની આગેવાની હેઠળ ભાજપના કાર્યકરોએ ઉત્સાહપૂર્વક એકબીજા પર અબીર ગુલાલ ઉડાડ્યો હતો, મીઠાઈઓ વહેંચી અને લોકોને ગળે લગાવ્યા હતા અને ભાજપની તરફેણમાં મતદાન કરવા બદલ તેમનો આભાર માન્યો હતો.

## ભારતીય આદિવાસી ધોડિયા સમાજની સેલવાસમાં મળેલી બેઠકઃ સામાજિક સુધારા માટેના લેવાયા નિર્ણયો

### ધોડિયા સમાજની કુળ પરિવાર સલાહકાર સમિતિની કરાયેલી રચનાઃ દાનહ-આંબોલીના ઠાકોરભાઈ પટેલની પ્રમુખ તરીકે કરાયેલી નિયુક્તિ

### દહેજ તથા સોનાના દાગીના આપવાની પ્રથા અને બહુપત્નીત્વ નાબૂદ કરવા સહિત એક જ ગોત્રમાં લગ્ન નહીં કરવા અને પુણ્યતિથિ વિધિ નહીં ઉજવવા વગેરે રિવાજો બાબતે કરાયેલી ચર્ચા-વિચારણાં



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સેલવાસ, તા.૦૯:** ભારતીય આદિવાસી ધોડિયા સમાજ ઉત્કર્ષ સંગઠન (IAD)ની ત્રિમાસિક બેઠક કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના સેલવાસ ખાતે મળી હતી. જ્યાં ધોડિયા સમાજની કુળ પરિવાર સલાહકાર સમિતિની રચના કરવામાં આવી હતી. દાનહના આંબોલીના શ્રી ઠાકોરભાઈ પટેલને સર્વાનુમતે સમિતિના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમની સાથે, ઉપ પ્રમુખ તરીકે ઉલ્ટન ફળિયાના શ્રી ઈશ્વરભાઈ પટેલ, મંત્રી તરીકે બાલદેવીના શ્રી નવીનભાઈ સી. પટેલ અને સંયુક્ત મંત્રી તરીકે ખડોલીના શ્રી અરવિંદભાઈ પટેલની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ભારતીય આદિવાસી ધોડિયા સમાજ ઉત્કર્ષ સંગઠનના સ્થાપક પ્રમુખ શ્રી અશ્વિનભાઈ એચ. પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ધોડિયા સમાજ કુળ પરિવાર સલાહકાર સમિતિની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં સંસ્થાના ઉપ પ્રમુખ શ્રી પ્રભુભાઈ યુ. પટેલ, મહામંત્રી શ્રી ઉત્તમભાઈ બી. પટેલ, મંત્રી શ્રી રવિયાભાઈ એલ. પટેલ, ખજાનચી શ્રી અવિનાશ પટેલ, સંયુક્ત સચિવ શ્રી રાજેશભાઈ આર. પટેલ અને મહિલા પાંખના પ્રમુખ શ્રીમતી રમીલાબેન એફ. પટેલ પણ હાજર રહ્યા હતા.

ધોડિયા સમાજ કુળ પરિવાર સલાહકાર સમિતિની બેઠક બાદ ધોડિયા સમાજ કુળ પરિવારની સલાહકાર સમિતિની રચના કરવામાં આવી હતી, જેમાં ધોડિયાના રિવાજો, ભાષા, બોલી, સામાજિક, પરંપરાગત પોશાક, શિક્ષણ, આર્થિક નીતિ અને જૂથ જોડાણ સંબંધિત ચોક્કસ સામાજિક રૂઢિપ્રયોગો અને મુદ્દાઓને સંબોધવા માટે ચાલુ પગલાંઓની ચર્ચા કરવામાં આવી હતી.

ધોડિયા સમાજ કુળ પરિવાર સલાહકાર સમિતિની બેઠકમાં લેવાયેલા નિર્ણયો અનુસાર, સામાજિક સુધારાઓ, પરંપરાગત ધોડિયા સમુદાયના રિવાજો, સામાજિક પોશાક, શિક્ષણ અને આર્થિક ક્ષેત્રોમાં લેવામાં આવેલા નિર્ણયો પર વ્યાપક ચર્ચા અહીં પૂરી પાડવામાં આવી છે. જન્મથી મૃત્યુ સુધીના રિવાજો અને ધાર્મિક વિધિઓ, તેમજ કેટલાક બિનજરૂરી રૂઢિપ્રયોગોને દૂર કરવાના પગલાંઓની ચર્ચા કરવામાં આવી હતી.

ધોડિયા સમુદાયમાં વરરાજાના પરિવાર દ્વારા કલંકિત કરવામાં આવે છે. સોનાના દાગીના, દહેજ પ્રથા સામે સમાજમાં ખાસ જાગૃતિ લાવવા, બહુપત્નીત્વ નાબૂદ કરવા, કેટલીક રીતરિવાજોમાં ગોત્ર અને કુળ, એક જ ગોત્રમાં લગ્ન નહીં કરવા અને પુણ્યતિથિ વિધિ નહીં ઉજવવા સહિત કેટલાક રિવાજો પર ખાસ ધ્યાન આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ધોડિયામાં લગ્ન કે મૃત્યુ પછી સામૂહિક વિધિની પ્રથા જેવા અનેક વિષયો પર પણ ગહન ચર્ચા કરવામાં આવી હતી. આ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ધોડિયા સમુદાયના તમામ કુળ પરિવારો સાથે ડિસેમ્બરમાં એક બેઠક યોજાશે, આ બાબતે પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

## દીવના ઘોઘલા મેઈન રોડ પર રસ્તા પર ચાલુ કામે જેસીબી દ્વારા ગેસની પાઈપલાઈન તૂટતા મચેલી અફરા તફરી



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૦૯

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના ઘોઘલા પંચાયત ચોક નજીક મેઈન રોડ પર જેસીબી દ્વારા ખોદકામ ચાલુ હતું તે દરમિયાન જેસીબી દ્વારા ગેસની પાઈપ લાઈન તૂટી જતાં આસપાસના લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો અને લોકોમાં દોડધામ મચી જવા હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દીવના ઘોઘલામાં પંચાયત ચોક નજીક મુખ્ય રસ્તાના કામ માટે તંત્ર દ્વારા જેસીબી મશીન વડે ખોદકામ કરવામાં આવી રહ્યું હતું. તે દરમિયાન જેસીબી મશીનના ફાટો ગેસની પાઈપલાઈનમાં અડી જતાં ગેસ લીકેજ થવા માંડ્યો હતો. તપાસ કરતા ગેસની લાઈનમાં ભંગાણ સર્જાયું હતું અને ગેસ મોટી માત્રામાં લીકેજ થતાં કામદારો તથા આસપાસના લોકોમાં ભારે ભયનું વાતાવરણ સર્જાયુ હતું. લોકોએ ઘરમાં કે દુકાનમાં રહેલ ગેસ સિલિન્ડર તથા લાઈટને ફટાફટ બંધ કરી દીધી હતી. ત્યાં આસપાસમાં આવેલી દુકાનો પણ દુકાનદારોએ ફટાફટ બંધ કરી દીધી હતી. જ્યારે ગેસની પાઈપ લાઈન તૂટતાં તેના જોરદાર અવાજથી લોકામાં ભારે ડરનો માહોલ પણ જોવા મળ્યો હતો. તો અમુક લોકો અવાજ સાંભળી બહાર જોવા પણ નિકળ્યા હતા.

ગેસની પાઈપ લાઈન તૂટવાની માહિતી ગેસના ઈમરજન્સી સર્વિસ સેન્ટરના કરાતા તેમના કર્મચારીઓએ સ્થળ ઉપર આવી ગેસ લીક થતો હતો તેને ભારે મથામણ બાદ બંધ કરી દીધો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ ગેસ લાઈન તૂટતા આશરે તેમાંથી એકથી દોઢ લાખની કિંમતનો ગેસ બર્બાદ થયો હતો.






## સુવિચાર - સદ્‌વિચાર

શાંતિમાં પણ શક્તિ છુપાય છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### ગિરધારી રે

ગિરધારી રે, સખી ગિરધારી.
મારે નિરભે અખૂટ નાણું. ગિરધારી રે. ટેક.

ખરચ્યું ન ખૂટે એને ચોર ન લૂંટે;
દામની પેઠે એ ગાંઠે બાંધ્યું ન છુટે. ગિરધારી રે...

અણગણ નાણું સંચે અંતે, નિરધનીઆ જાય;
તેની પેઠે નિરભે નાણું, દૂર ન થાય. ગિરધારી રે...

સંપત વિપત સર્વે સ્વપ્નું જાણું;
હરિના ચરણની સેવા, પૂરણ ભાગ્ય પરમાણું. ગિરધારી રે...

મુક્તાનંદ કે મોહનવરને ઉરમાં ધારી;
હવે દુઃખ ને દારિદ્ર થકી, થઈ હું ન્યારી. ગિરધારી રે...

- મુક્તાનંદ

## આજની જોક

આળસુના સરદાર છગન, મગન અને ચમન ચા પીતા પીતા ગપાટા મારી રહ્યાં હતાં. 'મને સૂતાં પછી ઊંઘ આવતા ત્રણ કલાક થાય છે.' છગને કહ્યું. 'ત્યારે મારે જુદું છે.' મગને કહ્યું, 'મને ઊંઘ તો પથારીમાં સૂતા ભેગી આવી જાય છે પણ સવારે ઉઠતા ત્રણ કલાક લાગે છે. તારું શું છે ચમન ?' ચમન બોલ્યો : 'મને તમારા જેવું નથી પણ પથારી પાથરતા મારે ત્રણ કલાક થાય છે.'

## કબીર વાણી

**મન તું કૈસા બાવરા, તેરી શુદ્ધ કયું ખોય?**
**મોત આયે સિરપે ખડા, ધલતે બેર ન હોય.**

**- અર્થાત-**

મનુષ્ય માત્રનું મન કેવું દાંધું ખાધું છે? તારી શુધ્ધિ તેં કેમ ખોઈ દીધી છે? કાળ તારે માથે ભમે છે ને તને મરતાં પળનો વાર લાગવાનો નથી!

## આજનો દિન વિશેષ

### કે. એ. પી. વિશ્વનાથમ

કે. એ. પી. વિશ્વનાથમ પિલ્લઈ (૧૦ નવેમ્બર ૧૮૯૯ - ૧૯ ડિસેમ્બર ૧૯૯૪) એક તમિલ વિદ્વાન, વક્તા અને સામાજિક કાર્યકર હતા. કોઈ ઔપચારિક શિક્ષણ ન હોવા છતાં, તેમણે તમિલ સાહિત્ય અને સિદ્ધ ચિકિત્સા પ્રત્યે રસ દાખવ્યો અને તે જાતે શીખ્યા. તેમના પિતા પેરિયાન્ના અને તેમના મોટા ભાઈ કૃષ્ણન અને અરુમુગમ સંયુક્ત પરિવાર તરીકે રહેતા હતા. તેઓ કે. એ. પી. નામથી સંયુક્ત સાહસનો વ્યવસાય પણ કરતા હતા. જે વિશ્વનાથન પહેલા કે. એ. પી. વિશ્વનાથન તરીકે ઓળખાય છે. તેમણે રાજકારણમાં પણ ભાગ લીધો અને જસ્ટિસ પાર્ટીના સક્રિય સભ્ય હતા. તેઓ પાર્ટીના પ્રથમ મહાસચિવ બન્યા, આ પદ તેઓ ૧૯૪૦ સુધી જાળવી રાખ્યું, ત્યારબાદ સી. એન. અન્નાદુરાઈએ પદ સંભાળ્યું. તેમણે ૧૯૩૭-૪૦ના હિન્દી વિરોધી આંદોલનમાં પણ ભાગ લીધો અને જેલમાં પણ ગયા. વિશ્વનાથમ તંજાવુરમાં તમિલ યુનિવર્સિટી શરૂ કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

કે. એ. પી. વિશ્વનાથમનો જન્મ ૧૮૯૯માં બ્રિટિશ ભારતના મદ્રાસ પ્રેસિડેન્સીના તિરુચિરાપલ્લીમાં ચોઝિયા વેલ્લાલર સમુદાયના પેરિયાન્ના પિલ્લઈ અને સુબ્બમલ ને ત્યાં થયો હતો. બાળપણમાં, તેમણે કોઈ શાળામાં અભ્યાસ કર્યો ન હતો પરંતુ તમિલ સાહિત્યમાં રસ દાખવ્યો હતો. પાંચ વર્ષની ઉંમરે, તેમણે ભાષા શીખવાનું શરૂ કર્યું અને પછી એક સ્થાપિત વિદ્વાન બન્યા. તેઓ સિદ્ધ ચિકિત્સા પ્રત્યે પણ ઉત્સાહી હતા. તેઓ રાજકારણમાં પ્રવેશ્યા અને જસ્ટિસ પાર્ટીમાં જોડાયા અને તેમને જનરલ સેક્રેટરી બનાવવામાં આવ્યા, આ પદ તેઓ ૧૯૪૦ સુધી સેવા આપતા રહ્યા. પક્ષના નેતા પેરિયાર ઈ. વી. રામાસ્વામી સાથેના મતભેદોને કારણે તેમણે સેક્રેટરી પદેથી રાજીનામું આપ્યું, ત્યારબાદ સી. એન. અન્નાદુરાઈ તેમના સ્થાને આવ્યા. વિશ્વનાથમનું ૧૯ ડિસેમ્બર ૧૯૯૪ના રોજ ૯૫ વર્ષની વયે અવસાન થયું.

## આધ્યાત્મ

### શાંતિ અને આનંદની શોધ વ્યક્તિ ધર્મથી કરે છે

દરેક ધર્મ તેની રીતે, શું સારુ છે અને શું ખરાબ છે તેનું જ્ઞાન આપે છે. ધર્મ એક શ્રદ્ધા અથવા માન્યતા છે. તે આપણને ખરાબ વસ્તુ છોડવાનું અને સારું ગ્રહણ કરવાનું શીખવે છે, કારણ કે કુદરતનો નિયમ એવો છે કે જ્યારે વ્યક્તિ ખરાબ કર્મો કરે છે, ત્યારે તે પાપ કર્મો બાંધે છે જેના દ્વારા તે દુઃખ ભોગવે છે; અને જો તે સારા કામો કરે છે, તો તે પુણ્ય કર્મો બાંધે છે જે તેને સુખ આપે છે. દુનિયામાં ઘણા ધર્મો અનુસરવામાં આવી રહ્યા છે જેમ કે, હિંદુ ધર્મ, મુસ્લિમ ધર્મ, ખ્રિસ્તિ ધર્મ વગેરે. વ્યક્તિના આધ્યાત્મિક વિકાસના આધારે, દરેક પોતાના માટેનો શ્રેષ્ઠ ધર્મ શોધે છે - જેમાં વ્યક્તિનો દ્રષ્ટિકોણ મળતો આવતો હોય છે, તે પ્રમાણે સ્વીકારે છે અને તેને જ સાચું માનવા લાગે છે અને એ રીતે તે ધર્મને વળગી રહે છે.

ધર્મ એટલે કશું કરવાનો રસ્તો-તમારે ભગવાનની પૂજા કરવી પડે, તમારે ભગવાનના નામનો જાપ કરવો પડે, તમારે ક્રિયા-કાંડ કરવા પડે, તમારે પ્રાર્થનાઓ બોલવી પડે, તમારે પસ્તાવો કરવો પડે, તમારે ધ્યાન કરવું પડે, તમારે પત્ની અને બાળકોનો, ઘર અને સંપત્તિનો, ધન અને તમામ સાધનોનો ત્યાગ કરવો પડે અને તમારે ખૂબ જ આકરું તપ પણ કરવું પડે. સૈધ્ધાંતિક રીતે, ધર્મ સાથે સંકળાયેલી દરેક ક્રિયાઓ કરવામાં ખૂબ જ બોજો અને તણાવ રહેલો છે.જ્યારે કોઈ સંજોગોવશાત, વ્યક્તિ જે કરવા ઈચ્છે છે તે કરી શકતો નથી, તો તેમાં ખૂબ ભય અને વેદના રહેલી છે જે વ્યક્તિની અંદર તરત જ ઉત્પન્ન થાય છે અને તેને ખૂબ અશાંત બનાવી દે છે.સારા કર્મો કરવાથી, વ્યક્તિ પુણ્ય કર્મ બાંધે છે તેમાં કોઈ શંકા નથી, પરંતુ આ પુણ્ય કર્મોના ફળ ભોગવવા માટે, વ્યક્તિએ ફરી જન્મ લેવો પડે છે અને આ સંસારમાં આવવું પડે છે. જન્મ અને મરણની પરિસ્થિતિ જ ખૂબ દુઃખદાયક છે અને વ્યક્તિએ પુણ્ય કર્મના ફળ ભોગવવા આ દુઃખદાયક પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે.

# "માનવતાને આગળ વધારનારા દરેક શ્રમનું ગૌરવ અને મૂલ્ય હોય છે, તે મહેનતપૂર્વક શ્રેષ્ઠતા સાથે કરવું જોઈએ" : માર્ટિન લ્યુથર કિંગ જૂનિયર

## ભારતનું શ્રમ વાતાવરણ વર્ષોથી પેચવર્ક કાર્પેટ જેવું રહ્યું છે, દેશના ૨૯ શ્રમ કાયદાઓ, સારા હેતુવાળા હોવા છતાં અસ્પષ્ટતા પેદા કરી છે, આના પરિણામે બિનકાર્યક્ષમતાનું સંતુલન બન્યું છે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

વિશ્વભરના દેશો જેમ જેમ પોતાની અંદર પ્રતિભા શોધે છે, તેમ ભારતે પણ ઔપચારિક, ન્યાયી અને ગૌરવપૂર્ણ રોજગારીનું સર્જન કરીને આગળ વધવું જોઈએ.

ઈમિગ્રેશન અંગેની ચિંતાઓ વિશ્વભરની અર્થવ્યવસ્થાઓ અને રાજકીય વ્યવસ્થાઓને ફરીથી આકાર આપી રહી છે. જે દેશો એક સમયે વૈશ્વિક પ્રતિભાને આવકારતા હતા તેઓ હવે તેમના માટે પુલ બનાવવાને બદલે અવરોધો ઉભા કરી રહ્યા છે. તેઓએ પોતાની અંદર પ્રતિભા શોધવાનું શરૂ કર્યું છે. આ બદલાતી દુનિયામાં સમૃદ્ધ થવા માટે ભારત ફક્ત પ્રતિભા નિકાસ પર આધાર રાખી શકે નહીં. આપણે ફક્ત ઉત્પાદનમાં જ નહીં પરંતુ તકોમાં પણ આત્મનિર્ભર બનવું જોઈએ. આ સુનિશ્ચિત કરશે કે દેશમાં સારા પગારવાળી, પ્રમાણિત અને પ્રતિષ્ઠિત નોકરીઓનું સર્જન થાય, સાથે સાથે સ્થાનિક પ્રગતિને પ્રોત્સાહન મળે.

માર્ટિન લ્યુથર કિંગ જૂનિયરે એક વાર કહ્યું હતું કે, "માનવતાને આગળ વધારનારા દરેક શ્રમનું ગૌરવ અને મૂલ્ય હોય છે. તે મહેનતપૂર્વક શ્રેષ્ઠતા સાથે કરવું જોઈએ." ભારતના નવા શ્રમ સંહિતા આ આદર્શને સાકાર કરવા તરફ એક પગલું છે. તેમનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે દેશનું નિર્માણ, પ્રગતિ અને સશક્તિકરણ કરનારા લાખો લોકો ફક્ત કામદારો જ નહીં, પરંતુ પ્રગતિમાં ભાગીદાર બને. આ સંહિતાઓનો ઉદ્દેશ્ય અનૌપચારિકતાને સમાવેશ, સ્વૈચ્છિકતાને આંકડા અને અસુરક્ષાને દૃશ્યતાથી બદલીને કામની ગરિમાને પુનઃસ્થાપિત કરવાનો છે.

ભારતનું શ્રમ વાતાવરણ વર્ષોથી પેચવર્ક કાર્પેટ જેવું રહ્યું છે. દેશના ૨૯ શ્રમ કાયદાઓ, સારા હેતુવાળા હોવા છતાં, અસ્પષ્ટતા પેદા કરી છે. આના પરિણામે બિનકાર્યક્ષમતાનું સંતુલન બન્યું છે. કામદારો અસુરક્ષિત હતા અને નોકરીદાતાઓ શંકાસ્પદ હતા. સરકારે આ કાયદાઓને વેતન, ઔદ્યોગિક સંબંધો, સામાજિક સુરક્ષા અને કાર્યસ્થળ સલામતી પર ચાર કોડમાં એકીકૃત કરવાનો નિર્ણય લીધો. આ પગલું ફક્ત વહીવટી સુધારો નથી. આધુનિકીકરણ માટેની આ ઝુંબેશ સ્વીકારે છે કે સંરક્ષણ અને ઉત્પાદકતા એકસાથે વધવા જોઈએ.

આ સુધારો દૃશ્યતા વિશે છે. નિમણૂક પત્રો, પગાર સ્લિપ અને ડિજિટલ રેકોર્ડ વિના, કામદારો સરકાર અને બજાર બંને માટે અદ્રશ્ય રહે છે. ઔપચારિકતા આ પરિસ્થિતિને બદલી નાખે છે. દરેક દસ્તાવેજીકૃત રોજગાર એક એવું જીવન બનાવે છે જે માન્ય છે. દરેક ડિજિટલ રેકોર્ડ સામાજિક સુરક્ષાથી વીમા અને ગતિશીલતા સુધીનો સેતુ છે. આ ફેરફાર નોકરીદાતાઓને અનિશ્ચિતતાને બદલે માળખું અને મનસ્વીતાને બદલે ડેટા પણ પ્રદાન કરે છે. દરેક રોજગાર સંબંધનું રેકોર્ડિંગ વિશ્વાસનો પાયો પૂરો પાડે છે.

ઉદાહરણ તરીકે ભારતમાં, વિવિધ રાજ્યો અને ઉદ્યોગોમાં હજારો અલગ અલગ લઘુત્તમ વેતન દર હતા. પડોશી જિલ્લાઓના કામદારોને પણ સમાન કામ માટે ઘણી અલગ અલગ રકમ મળતી હતી. વેતન સંહિતાએ વેતનની સમાન વ્યાખ્યા સાથે રાષ્ટ્રીય લઘુત્તમ વેતન સ્થાપિત કર્યું. આનાથી ખાતરી થઈ કે કોઈને પણ પ્રતિષ્ઠિત લઘુત્તમ થ્રેશોલ્ડથી નીચે ચૂકવણી કરવામાં ન આવે, અને સમાન કામ માટે સમાન પગાર ધોરણ બની ગયો, માત્ર ઔપચારિકતા નહીં. આનાથી એક જગ્યાએથી બીજી જગ્યાએ શ્રમની હિલચાલ ઘટાડવામાં પણ મદદ મળી. આ કોડે ખાતરી કરી કે એક રાજ્યથી બીજા રાજ્યમાં જતા કામદારના વેતન અધિકારો પણ તેની સાથે જાય.

ઔદ્યોગિક સંબંધો સંહિતા સુગમતા અને ન્યાયીપણા વચ્ચે યોગ્ય



### ભારતના શ્રમ સંહિતાઃ અનૌપચારિકતાથી સમાવેશ સુધી

લેખકઃ શ્રી કાર્તિક નારાયણ
મુખ્ય કાર્યકારી અધિકારી, અપના જોબ્સ

સંતુલન જાળવે છે. ભારતનું અર્થતંત્ર હવે ઉત્પાદન, સેવાઓ અને ઝડપથી વિકસતા ગિગ ક્ષેત્રનું મિશ્રણ છે. લોજિસ્ટિક્સ, રિટેલ અને બાંધકામ જેવા ઘણા ઉદ્યોગો મોસમી માંગ અને પ્રોજેક્ટ આધારિત કાર્ય કરે છે. ફિક્સ્ડ ટર્મ કોન્ટ્રાક્ટ્સ હવે કાયદેસર અને પ્રમાણિત છે. કંપનીઓ હવે પગાર અથવા લાભ ઈક્વિટી સાથે સમાધાન કર્યા વિના

**ભારતે તેની સ્થાનિક શ્રમ પ્રણાલીને મજબૂત બનાવવી જોઈએ જેથી તે પારદર્શક, સુલભ અને ન્યાયી બને**

નોકરી પર રાખી શકે છે. સુગમતાનો અર્થ હવે કર્મચારીઓ માટે અસુરક્ષા નથી. રિસ્કિલિંગ ફંડની રચના પ્રતિક્રિયાશીલ કલ્યાણથી સક્રિય રોજગાર તરફના પરિવર્તનનો સંકેત આપે છે. નોકરી ગુમાવવાનો અર્થ હવે ખડક પરથી પડવાનો નથી; તે શીખવા અને ફરીથી પ્રવેશ માટેનો પુલ બની જાય છે.

સામાજિક સુરક્ષા સંહિતા એ વાત સ્વીકારે છે કે ભારતનું કાર્યબળ હવે ફેક્ટરીઓ સુધી મર્યાદિત નથી. ડ્રાઈવરો, ડિલિવરી પાર્ટનર્સ અને ફ્રીલાન્સર્સ જેવા વ્યવસાયો ડિજિટલ અર્થતંત્રના નવા સર્જકો છે અને હવે તેઓ પણ સુરક્ષાના દાયરામાં છે. કાર્યની પ્રકૃતિ બદલાતી રહે છે, પરંતુ સુરક્ષાની જરૂરિયાત સમાન રહે છે તે સ્વીકારીને, નવા પ્લેટફોર્મ તેમના કલ્યાણ માટે કેન્દ્રીય ભંડોળમાં ફાળો આપશે. સ્વમૂલ્યાંકન, સંગઠિત ફાઈલિંગ અને ડિજિટલ રેકોર્ડ્સ પારદર્શિતા અને ઝડપી ફાઈલ ટ્રેકિંગમાં વધારો કરે છે, કાગળના ટુકડાને બદલે છે. આ પાલનને સરળ બનાવે છે અને નીતિનિર્માણને વધુ સ્માર્ટ બનાવે છે. ગૌરવ અને સલામતી પર ધ્યાન કેન્દ્રિત કરવું પણ એટલું જ મહત્ત્વપૂર્ણ છે. વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્યકારી પરિસ્થિતિઓનો કોડ ફક્ત હેલ્મેટ અને રેલિંગ વિશે નથી. તે કાર્યસ્થળ પર આદર વિશે છે. નિમણૂક પત્રો ફરજિયાત બન્યા છે, આરોગ્ય તપાસને પ્રમાણિત કરવામાં આવી છે, અને મહિલાઓ હવે તમામ ક્ષેત્રો અને શિફ્ટમાં કામ કરી શકે છે, જો કે કાર્યબળમાં મહિલાઓનો વધુ સમાવેશ થાય તે સુનિશ્ચિત કરવા માટે સલામતીના પગલાં લેવામાં આવે. સ્થળાંતરિત કામદારો, જે લાંબા સમયથી તેમના પોતાના દેશોમાં બહારના માનવામાં આવે છે, હવે તેઓ જ્યાં પણ કામ કરે છે ત્યાં કલ્યાણકારી લાભો મેળવી શકશે. આ સમાવેશનું સાચું સ્વરૂપ છે.

સરળીકરણ કદાચ સૌથી ઓછો આંકવામાં આવેલો ફાયદો છે. હવે ૨૯ને બદલે એક નોંધણી, એક લાઈસન્સ, ફાઈલ પર એક રીટર્ન છે. નિરીક્ષકો હવે સુવિધા આપનારા છે. પાલનની વાતચીત દંડને બદલે ભાગીદારી તરફ વળી રહી છે. ભારતના રોજગારની કરોડરજ્જુ, નાના ઉદ્યોગો માટે, હવે મંજૂરીઓ માટે ઓછો સમય અને વ્યવસાય નિર્માણ માટે વધુ સમય છે. ઔપચારિકતા ફક્ત કાગળ કામ નથી; તે ઉત્પાદકતામાં વધારો કરે છે.

અમલીકરણમાં સમય લાગી શકે છે. રાજ્યોએ તેમના નિયમોનું સુમેળ સાધવાની જરૂર પડશે, ડિજિટલ સિસ્ટમો સરળતાથી કાર્ય કરશે, અને નોકરીદાતાઓ અને કામદારો બંનેએ એકબીજા સાથે અનુકૂલન સાધવાની જરૂર પડશે. પરંતુ દિશા મહત્ત્વપૂર્ણ છે. આ કોડ્સ સ્પષ્ટ સંકેત આપે છે. ભારત એક એવો દેશ બનવા માંગે છે જ્યાં નોકરીઓ માત્ર બનાવવામાં જ નહીં પણ ગણાય, લવચીકતા અને ન્યાયીતા સાથે, અને જ્યાં કામદારો અને નોકરીદાતાઓ સમાન ભાગીદાર હોય, વિરોધી નહીં. વિશ્વભરના દેશો પ્રતિભા માટે અંદરથી શોધ કરી રહ્યા છે. ભારતે તેની સ્થાનિક શ્રમ પ્રણાલીને મજબૂત બનાવવી જોઈએ જેથી તે પારદર્શક, સુલભ અને ન્યાયી બને. આ સુધારાઓના સાચા ફાયદા ત્યારે જ પ્રાપ્ત થશે જ્યારે ભારતનો વિકાસ ફક્ત વધુ નોકરીઓ દ્વારા જ નહીં, પરંતુ વધુ સારા, ઔપચારિક, ઉચ્ચ પગારવાળી અને પ્રતિષ્ઠિત રોજગાર દ્વારા પણ થશે.

જો કાળજીપૂર્વક અને સતત અમલમાં મૂકવામાં આવે તો, આ સુધારાઓ ભારતની કાર્યપદ્ધતિને ફરીથી આકાર આપી શકે છે. તેઓ અનૌપચારિકતાને સમાવેશકતામાં અને કાર્યને ગૌરવમાં પરિવર્તિત કરી શકે છે. કદાચ કર્ણાટકના બસવન્નાના શાશ્વત સંદેશ, ૧૨મી સદીના 'કાયકવે કૈલાસ' કાર્ય સ્વર્ગ છે કરતાં વધુ સારો વિચાર આને વ્યક્ત કરી શકે નહીં. તેમના આંદોલને મોચીથી લઈને વિદ્વાન સુધીના દરેક વ્યવસાયને પ્રામાણિકપણે કરવામાં આવે તો પવિત્ર માન્યું. નવા શ્રમ સંહિતા આ ભાવનાને આગળ ધપાવે છેઃ ગૌરવ પદમાં નહીં, પરંતુ પ્રયત્નોમાં રહેલું છે. કારણ કે આખરે, સુધારાની સાચી કસોટી તેના માર્ગમાં નહીં, પરંતુ તેના અમલીકરણમાં રહેલીછે.

**(લેખકઃ કાર્તિક નારાયણ Apna.co સાથે સંકળાયેલા છે અને ભારતમાં આજીવિકા, ટેક્નોલોજી અને શ્રમ સુધારાના ભવિષ્ય પર લખે છે.)**

# ઓપરેશન પહેલાં ડોક્ટરો કંઈપણ ખાવા-પીવાની ના કેમ પાડે છે?



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

જો તમારૂ કે તમારા કોઈ પ્રિયજનનું ક્યારેય ઓપરેશન થયું હોય, તો તમે જોયું હશે કે, ડોકટરો અથવા હોસ્પિટલ સ્ટાફ ઓપરેશન પહેલાં ઘણા કલાકો સુધી કંઈ પણ ખાવા કે પીવાની ના પાડે છે. ઘણીવાર, દર્દીઓ અને તેમના પરિવારો ખાલી પેટે ઓપરેશન કરવાનો અર્થ સમજી શકતા નથી. ઘણા લોકો વિચારે છે કે, થોડું પાણી કે ચા પીવાથી શું ફરક પડશે? કેટલાક લોકો તો દર્દીને કંઈક ખાવા માટે દબાણ પણ કરે છે.

જોકે, ઓપરેશન પહેલાં કંઈ ખાવું કે પીવું ખૂબ ખતરનાક બની શકે છે. તે દર્દીના જીવનને પણ જોખમમાં મૂકી શકે છે. તેથી, ડોકટરો વારંવાર ભારપૂર્વક કહે છે કે, લોકોએ સર્જરી પહેલાં ઓછામાં ઓછા ૬ થી ૮ કલાક સુધી કંઈપણ ન ખાવુ જોઈએ. તો ચાલો જાણીએ કે, ઓપરેશન પહેલાં ડોકટરો કંઈપણ ખાવા કે પીવાની મનાઈ કેમ કરે છે અને તેનાથી શું અસર થાય છે.

**ઓપરેશન પહેલાં ખાવા કે પીવાની મનાઈ કેમ?**

જ્યારે ઓપરેશન કરવામાં આવે છે, ત્યારે મોટાભાગના કિસ્સાઓમાં, દર્દીને જનરલ એનેસ્થેસિયા આપવામાં આવે છે, એક દવા જે દર્દીને સંપૂર્ણપણે બેભાન કરી દે છે. આ દરમિયાન, ગળી જવા, ખાંસી આવવા અથવા ઉલટી રોકવા જેવા કેટલાક સામાન્ય શારીરિક કાર્યો અસ્થાયી રૂપે બંધ થઈ જાય છે. જો ખોરાક અથવા પ્રવાહી પેટમાં હોય, તો તે એનેસ્થેસિયા દરમિયાન ઉલટી થઈ શકે છે અને શ્વસન માર્ગમાં પ્રવેશી શકે છે. આનાથી ખોરાક અથવા પ્રવાહી ફેફસાં સુધી પહોંચી શકે છે. આ સ્થિતિને એસ્પિરેશન કહેવામાં આવે છે.

# વર્લ્ડ કપ ચેમ્પિયન રાધા યાદવનું વડોદરામાં ભવ્ય સ્વાગત કરાયુ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**વડોદરા, તા.૦૯**

ICC મહિલા ક્રિકેટ વર્લ્ડ કપમાં ચેમ્પિયન બનેલી ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ઓલરાઉન્ડર ખેલાડી રાધા યાદવનું શનિવારે (આઠમી નવેમ્બર) રાત્રે તેના હોમટાઉન વડોદરામાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. હરણી એરપોર્ટ પરથી શરૂ થયેલા રોડ શોમાં મોટી સંખ્યામાં ક્રિકેટ રસિકો, ચાહકો અને શહેરના નાગરિકો ઉમટી પડ્યા હતા, જાણે આખું શહેર પોતાની દીકરીના ગૌરવમાં ઝૂમી ઊઠ્યું હોય.

પોતાના ભવ્ય સ્વાગતથી ભાવુક થયેલી રાધા યાદવે મીડિયા સાથે વાતચીત કરી હતી. તેણે જણાવ્યું હતું કે, એક મહિલા ક્રિકેટર માટે આટલી મોટી સંખ્યામાં લોકો સ્વાગત માટે આવી પહોંચશે તે ક્યારેય વિચાર્યું ન હતું. આ ક્ષણ માત્ર મારા માટે જ નહીં, પરંતુ સ્પોર્ટ્સ ક્ષેત્રે ઊંચાઈ સર કરવા ઈચ્છતી દરેક દીકરી માટે ગર્વની ક્ષણ છે. હવે મહિલા ખેલાડીઓમાં સ્પોર્ટ્સ પ્રત્યે વધુ રુચિ વધશે અને તેઓ ભારત દેશ માટે યોગદાન આપશે.

વર્લ્ડ કપમાં મળેલી સફળતાનું કારણ જણાવતા તેણે કહ્યું કે, અમારી ટીમે મેચ હાર્યા પછી પણ એકતા જાળવી રાખી, જે અંતે અમારી જીતનું મુખ્ય કારણ બની. રાધા યાદવે આ સફળતાનો શ્રેય પોતાના કોચને આપ્યો હતો અને વડાપ્રધાન સાથેની મુલાકાતને યાદગાર ગણાવી હતી. તેમણે જણાવ્યું કે, આ સફળતાનો સાચો શ્રેય મારા કોચ સુરજ તિવારીને જાય છે. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટીમ સાથે મુલાકાત કરી તે ક્ષણને ગૌરવની ક્ષણ ગણાવી હતી. તેમણે મિલિંદ કાકા દ્વારા આયોજિત રોડ શો અને સપોર્ટ બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. વડોદરા શહેર વિશે બોલતાં રાધા યાદવે કહ્યું કે, અહીંનું વાતાવરણ અને લોકો ખૂબ શાંત છે, તેથી મને અહીં રહેવું ખૂબ ગમે છે.

# ભાજપ નેતા અને બિહારના નાયબ મુખ્યમંત્રી મુશ્કેલીમાં

## ચૂંટણી નામાંકન સોગંદનામામાં તેમની ઉંમર વિશે ખોટી માહિતી આપીને કોર્ટ અને ચૂંટણી પંચને ગેરમાર્ગે દોર્યા છેઃ સુપ્રીમ કોર્ટમાં ફરિયાદ, FIR દાખલ કરવા માંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પટણા, તા.૦૯**

બિહારના નાયબ મુખ્યમંત્રી અને ભાજપના નેતા સમ્રાટ ચૌધરી માટે કાયદાકીય મુશ્કેલીઓ વધી રહી હોય તેવું લાગી રહ્યું છે. સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે તેણે ચૂંટણી નામાંકન સોગંદનામામાં તેની ઉંમર વિશે ખોટી માહિતી આપીને કોર્ટ અને ચૂંટણી પંચને ગેરમાર્ગે દોર્યા છે.



અરજદારે સુપ્રીમ કોર્ટને વિનંતી કરી છે કે સમ્રાટ ચૌધરીને તેમના નાયબ મુખ્યમંત્રી પદ પરથી દૂર કરવા, તેમનું નામાંકન રદ કરવા અને તેની સામે FIR દાખલ કરવાનો આદેશ આપવામાં આવે.

અરજીમાં સમ્રાટ ચૌધરીના ભૂતકાળના દસ્તાવેજો અને ચૂંટણી સોગંદનામામાં રહેલા વિરોધાભાસોને મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૧૯૯૫માં એક ફોજદારી કેસમાં સમ્રાટ ચૌધરીએ પોતાની ઉંમર માત્ર ૧૫ વર્ષ જણાવી હતી. જો કે, માત્ર ચાર વર્ષ પછી વર્ષ ૧૯૯૯ની વિધાનસભા ચૂંટણીમાં તેમણે પોતાને ૨૫ વર્ષના જાહેર કર્યાં હતા.

અરજીમાં એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૫ની ચૂંટણીના સોગંદનામામાં તેમની ઉંમરની વિગતો મેળ ખાતી નથી. અરજદારના મતે, આ વિરોધાભાસ સ્પષ્ટપણે દર્શાવે છે કે તેણે પોતાની ઉમેદવારીને કાયદેસર બનાવવા માટે જાણી જોઈને ખોટા સોગંદનામા રજૂ કર્યા હતા. રાજકીય વ્યૂહરચનાકાર અને જન સૂરજના સ્થાપક પ્રશાંત કિશોરે પણ અગાઉ આ મુદ્દો ઊઠાવ્યો હતો. તેણે આરોપ લગાવ્યો હતો કે સમ્રાટ ચૌધરીએ વર્ષ ૧૯૯૫ના તારાપુર હત્યાકાંડ કેસ (કેસ નં. ૪૪/૧૯૯૫)માં સગીર હોવાનો દાવો કરીને કાયદાકીય રાહત મેળવી હતી. પ્રશાંત કિશોરે દાવો કર્યો હતો કે, સમ્રાટ તે વખતે આરોપી નહીં, પરંતુ દોષિત હતા, જેમણે જન્મ તારીખમાં હેરાફેરી કરીને સુપ્રીમ કોર્ટને ગેરમાર્ગે દોર્યા. તેમના ૨૦૨૦ના સોગંદનામા મુજબ તેઓ ૫૧ વર્ષના છે, એટલે કે ૧૯૯૫માં તેમની ઉંમર ૨૪-૨૫ વર્ષ રહી હશે.

સુપ્રીમ કોર્ટ સમક્ષ અરજદારે ચૂંટણી પંચને સમગ્ર મામલાની તપાસ કરવા અને યોગ્ય કાનૂની કાર્યવાહી શરૂ કરવાનો નિર્દેશ આપવાની માંગ પણ કરી છે. સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ થયા બાદ આ મામલાએ રાજકીય તૂલ પકડ્યું છે અને વિપક્ષ આને નૈતિકતાનો મુદ્દો બનાવીને ભાજપને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

# કેન્દ્ર ૧૫ લાખ ટન ખાંડની નિકાસની છૂટ આપી શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

નવી દિલ્હીઃ એક મહત્ત્વની હિલચાલના સ્વરૂપમાં કેન્દ્ર સરકારે ૨૦૨૫-૨૬ની સુગર સીઝન માટે ૧૫ લાખ ટન ખાંડની નિકાસની મંજૂરી આપે તેવી સંભાવના છે. આ માટે તે મોલાસીસ પર ૫૦ ટકા નિકાસ વેરાની નાબૂદ કરે તેવી સંભાવના છે, જેથી ખેડૂતોને વધુ ઝડપી ચૂકવણીમાં મદદ મળે. ફૂડ મિનિસ્ટર પ્રહલાદ જોશીએ કર્ણાટકના મુખ્યપ્રધાન સિદ્ધારામૈયાને રાજ્યમાં ચાલતા ખેડૂતો અંગે લખેલા પત્રમાં જણાવ્યું હતું કે જાન્યુઆરી ૨૦૨૫માં જ્યારે ખાંડના એક્સમિલ ભાવમાં ઘટાડાનો ટ્રેન્ડ હતો તે સમયે પણ કેન્દ્રે લાખો ટન ખાંડની નિકાસ માટે છૂટ આપી હતી.

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત રાજ્યવ્યાપી સરદાર@૧૫૦ યુનિટી માર્ચનું જૂનાગઢમાં પ્રસ્થાન કરાવતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

# યુનિટી માર્ચ સર્વ સમાજને સાથે જોડીને આત્મનિર્ભર ભારત માટેની પ્રેરણા આપશે: મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

**જૂનાગઢની ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજથી યુનિટી માર્ચ પદયાત્રાનો મુખ્યમંત્રીએ પ્રારંભ કરાવ્યો: આરઝી હકુમતના સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારજનોનું શાલ ઓઢાડીને મુખ્યમંત્રીશ્રીએ સન્માન કર્યુ**

**વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેવડિયા કોલોની ખાતે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી'ના નિર્માણ દ્વારા દેશે સરદાર પટેલને સાચી અંજલિ આપી છે: મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**








(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**ગાંધીનગર, તા.૦૯**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોહપુરુષ અને દેશના મહાન ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી અને જૂનાગઢના મુક્તિ દિવસના અવસરે સરદાર @ ૧૫૦ યુનિટી માર્ચ પદયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજ સ્થિત આરઝી હકુમત દ્વારા મળેલી મુક્તિના સ્મરણ સ્મૃતિ સ્મારક ખાતે સ્વાતંત્ર્યવીરોને યાદ કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પદયાત્રામાં જોડાનારા હજારો નાગરિકોને સંબોધીને રાજ્યવ્યાપી યુનિટી માર્ચના પ્રથમ ચરણનો પ્રારંભ કરાવ્યો હતો.

આ રેલીના પ્રસ્થાન પૂર્વે મુખ્યમંત્રીશ્રીએ આરઝી હકુમતનો ઈતિહાસ દર્શાવતી ફોટો પ્રદર્શની પણ નિહાળી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે યુનિટી માર્ચ સર્વ સમાજને સાથે જોડીને આત્મનિર્ભર ભારત માટેની પ્રેરણા આપશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં સમગ્ર દેશમાં યોજાઈ રહેલી એકતા યાત્રા ખરા અર્થમાં ભારતને એક અને અખંડ બનાવી સરદાર સાહેબને સાચી શ્રદ્ધાંજલિ આપતી યાત્રા બની રહેશે.

મુખ્યમંત્રીશ્રીએ આરઝી હકુમતના ઈતિહાસનું સ્મરણ કરતાં જણાવ્યું કે, ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટના રોજ દેશ આઝાદ થયો હતો પરંતુ જૂનાગઢના નવાબની લોકમત વિરૂદ્ધની નીતિના કારણે ૮૬ દિવસના સંગ્રામ બાદ નવમી નવેમ્બરે ઉપરકોટમાં ભારતનો તિરંગો લહેરાવવા સાથે જૂનાગઢ વાસ્તવમાં આઝાદ થયું હતું અને તે રીતે તા. ૯ નવેમ્બરને 'જૂનાગઢ મુક્તિ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

આરઝી હકુમત દ્વારા જૂનાગઢને મુક્તિ અપાયા બાદ તા.૧૩ નવેમ્બરના રોજ આ જ બહાઉદ્દીન કોલેજના મેદાનમાં સરદાર વલ્લભભાઈ પટેલે સભા કરીને જૂનાગઢવાસીઓને અભિનંદન પાઠવ્યા હતા તેનું પણ સ્મરણ મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે ૫૬૨ દેશી રજવાડાઓનું વિલિનીકરણ કરીને એક અને અખંડ ભારત બનાવ્યું હતું. હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અને 'આત્મનિર્ભર ભારત'ના અભિયાન દ્વારા તેનો પાયો વધુ મજબૂત બનાવી રહ્યાં છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સાહેબની સ્મૃતિ ચિરંજીવ રહે તે માટે કેવડિયા કોલોની ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું નિર્માણ કર્યું છે. અને પ્રતિવર્ષ સરદાર પટેલ જન્મ જયંતિને 'એકતા દિવસ' તરીકે ઉજવીને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને સરદાર સાહેબને સાચી અંજલિ અર્પી રહ્યાં છે.

આ વર્ષે પણ સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે 'ભારત પર્વ'નું આયોજન કરીને આત્મનિર્ભર ભારત સાથે વોકલ ફોર લોકલ અને 'વિકસિત ભારત'નો રાહ વધુ મજબૂત બનાવી રહ્યાં છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં કલમ ૩૭૦ની નાબૂદી દ્વારા કચ્છથી કટક અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી એક અને અખંડ ભારતનું સરદારનું સ્વપ્ન ધરાતલ પર ઉતાર્યું છે.

સૌ સાથે મળી ચાલે અને સમરસ સમાજનું નિર્માણ થાય તે માટે યુનિટી માર્ચના માધ્યમથી તમામ વર્ગોને સાંકળી રાજ્યભરમાં યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. તેના પ્રથમ ચરણની શરૂઆત આજે ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજના મેદાનથી થઈ છે. તે સૌને પ્રેરણા પૂરી પાડશે, તેમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સૌ સોરઠવાસીઓએ જૂનાગઢ મુક્તિ દિવસની શુભકામનાઓ પાઠવી વિકસિત ભારતના નિર્માણ માટે એક અને નેક બની સહભાગી બનવા આહ્વાન કર્યું હતું.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ જૂનાગઢની આઝાદીની ચળવળમાં મહત્વનું યોગદાન આપનારા આરઝી હૂકુમતના સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારજનોનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

જૂનાગઢ જિલ્લાના પ્રભારી અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાએ જૂનાગઢ માટે આજનો દિવસ ઐતિહાસિક લેખાવી જણાવ્યું હતું કે, આ વર્ષે ૧૫૦મી સરદાર વલ્લભભાઈ પટેલની જયંતિ અને બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ તેમજ વંદેમાતરમ ગીતના ૧૫૦ વર્ષ થવાનો સુભગ સમન્વય સધાયો છે. તે આપણા સૌ માટે ગર્વ અને આનંદની બાબત છે.

મંત્રીશ્રીએ જૂનાગઢના મુક્તિસંગ્રામમાં યથેચ્છ પ્રદાન કરનાર યોદ્ધાઓના બલિદાન અને પ્રયત્નોને બીરદાવ્યાં હતાં. તેમજ તેમના પરિવારજનોને દેશકાજે આપેલા યોગદાન માટે અભિનંદન પાઠવ્યાં હતાં.

જૂનાગઢની નાગરિક સેવાઓના પ્રોજેક્ટ માટે જૂનાગઢના સાધુ-સંતોએ રૂ.૫૧ લાખનો ચેક મુખ્યમંત્રીશ્રીને અર્પણ કર્યો હતો. નાગરિક સેવાઓમાં જનભાગીદારીની આ પહેલને સૌએ સહર્ષ વધાવી આભારની લાગણી પ્રગટ કરી હતી.

જિલ્લા કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાએ જૂનાગઢ મુક્તિ દિવસના અવસરે યોજાઈ રહેલી યુનિટી માર્ચના અવસરે સૌને આવકારી ૮.૬ કિલોમીટરની આ પદયાત્રામાં 'એક ભારત, શ્રેષ્ઠ ભારત', 'આત્મનિર્ભર ભારત'ની 'હર ઘર સ્વદેશી'ના મંત્રને ચરિતાર્થ કરવામાં આવી રહ્યો છે. તે રીતે રેલીનું આયોજન કરવામાં આવ્યું છે, તેની વિભાવના રજૂ કરી હતી. જૂનાગઢની આ પદયાત્રા હજારો નાગરિકોની ઉપસ્થિતિ અને રાષ્ટ્રીય એકતાના ભાવ સાથે યાદગાર બની હતી.

મુખ્યમંત્રીશ્રી પણ બહાઉદ્દીન કોલેજથી પદયાત્રામાં જોડાઈને યાત્રાના રૂટ પર વિવિધ સમાજ સંસ્થાઓના સાંસ્કૃતિક પ્લેટફોર્મ પર સૌનું અભિવાદન કર્યું હતું. સમગ્ર રૂટ પર ૧૯ સ્ટેજ બનાવવામાં આવ્યા હતા અને તેમાં જૂનાગઢનો ઈતિહાસ સાંસ્કૃતિક વારસો સહિત વિવિધ કૃતિઓ પણ રજૂ કરવામાં આવી હતી. જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પોલીસ તંત્રએ સમગ્ર રૂટ ઉપર ટ્રાફિક વ્યવસ્થા અને સંકલન કરી આ વિશાળ પદયાત્રાને સફળ બનાવી હતી.


આ પદયાત્રામાં કાયદો અને ન્યાયતંત્ર વિભાગના રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, મેયર શ્રી ધર્મેશભાઈ પોશિયા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય સર્વશ્રી સંજયભાઈ કોરડીયા, ભગવાનજીભાઈ કરગઠિયા, દેવાભાઈ માલમ, અરવિંદ લાડાણી, મહાનગરપાલિકાના કમિશનર શ્રી તેજસ પરમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.પી.પટેલ, અગ્રણી સર્વશ્રી ગૌરવ રૂપારેલિયા, ચંદુભાઈ મકવાણા, મહંત શ્રી ઈન્દ્રભારતી બાપુ, મહેશગીરી બાપુ, શ્રી નમ્રમુનિ મહારાજ સહિતના સંતો-મહંતો, પદાધિકારીઓ-અધિકારીઓ, વિવિધ સમાજના લોકો, શૈક્ષણિક સંસ્થાઓ, વિવિધ એસોસિએશન, આરઝી હકુમતના લડવૈયાઓના પરિવારજનો, સીનિયર સીટિઝન, યુવાઓ, પોલીસ જવાનો, પ્રબુદ્ધ નાગરિકો તથા જૂનાગઢ શહેરના નગરજનો મોટી સંખ્યામાં સહભાગી થયાં હતાં.

# ગુજરાતમાં મગફળી સહિતના પાકની ટેકાના ભાવે ખરીદી શરૂ

**ધાનેરામાં રોજના ૪૦૦ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદાશે મગફળી : અમરેલી જિલ્લામાં ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ: સીસીટીવીથી સમગ્ર પ્રક્રિયા પર નજર**







(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૦૯**

ગુજરાતના ૨૨ જિલ્લાના ૩૦૦થી વધુ ખરીદ કેન્દ્ર પર મગફળી, મગ, અડદ, સોયાબીન સહિતના પાકોની ટેકાના ભાવે ખરીદી આજે રવિવાર(૯ નવેમ્બર)થી શરૂ કરવામાં આવી છે, ત્યારે સમગ્ર પ્રક્રિયા પર સીસીટીવી દ્વારા નજર રખાશે. આશરે ૧૫૦૦૦ કરોડથી વધુ મુલ્યની ખેત પેદાશોની ટેકાના ભાવે ખરીદી કરવાનો સરકારનો લક્ષ્યાંક છે. તેવામાં ખરીદી પ્રક્રિયા અંતર્ગત મગફળી માટે પ્રતિ ક્વિન્ટલ રૂ. ૭,૨૬૩, અડદ પ્રતિ ક્વિન્ટલે રૂ.૭,૮૦૦ અને સોયાબીન પ્રતિ ક્વિન્ટલ રૂ. ૫,૩૨૮ના ભાવ નિર્ધારિત કરાયા છે. ટેકાના ભાવે ખરીદી માટે રજિસ્ટર્ડ ખેડૂતોને SMS દ્વારા જાણ કરીને બોલાવામાં આવ્યા છે. ગુજરાતમાં માવઠાના કારણે સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં વધુ અસર પહોંચી છે. જેમાં અમરેલી જિલ્લા સહિતના વિસ્તારોમાં અતિભારે કમોસમી વરસાદના કારણે ખેડૂતોનો મોટાભાગના પાકને ભારે નાકસાની થઈ હતી. અમરેલીના રાજુલા, સાવરકુંડલા, બગસરા, બાબરા, સહિત માર્કેટિંગ યાર્ડમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી શરૂ કરાઈ છે. જેમાં બગસરા તાલુકામાં ૫૪૦૭થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે. ટેકાના ભાવે મગફળી ૧૪૫૨ રૂપિયાથી ખરીદી કરવાની શરૂ થઈ છે. બનાસકાંઠાના ધાનેરા ખરીદ વેચાણ સંઘે ટેકાના ભાવે મગફળીની ખરીદીની શરૂઆત કરી છે. જે આગામી ૭૦ દિવસ સુધી ચાલશે. જેમાં રોજના ૪૦૦ જેટલાં ખેડૂતો પાસેથી ટેકાના બાવે મગફળી ખરીદાશે. તમને જણાવી દઈએ કે, ધાનેરામાં ૨૦,૭૧૪ ખેડૂતોએ નોંધણી કરાવી છે. ૨૫૦૦ કિલો હેક્ટર દીઠ રૂપિયા ૧૪૫૨ના ટેકાના ભાવથી મગફળી ખરીદાશે. આ સાથે વાવ અને થરાદ માર્કેટ યાર્ડમાં પણ મગફળીની ખરીદી શરૂ થઈ છે. સૌરાષ્ટ્ સહિત રાજયના મોટાભાગના જિલ્લામાં ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ થયો છે. આજે જૂનાગઢ જિલ્લાના કુલ ૪૨ કેન્દ્રો પૈકી ૧૭ કેન્દ્રો પર મગફળી અને સોયાબીનની ખરીદી શરૂ થઈ છે. જિલ્લામાં ૧.૧૫ લાખથી વધુ ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જેમાં કેશોદના ૨૦,૦૩૪ ખેડૂતોનો સમાવેશ થાય છે. જયારે રાજકોટમાં ૯.૩૦ લાખથી વધુ ખેડૂતોએ ટેકાના ભાવે ખરીદી માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જેમાં જિલ્લાના ૧૧ કેન્દ્રો પર ટેકાના ભાવે ખરીદીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

# હળવદમાં સરકારી જમીન હડપવાનું કૌભાંડ સામે આવ્યું: ૯ આરોપીમાંથી ૪ની ધરપકડ



(સંપૂર્ણ સમાચાર સેવા)
**હળવદ, તા.૦૯**

ગુજરાતમાં દિવસે દિવસે નવા-નવા કૌભાંડ સામે આવતા હોય છે. ત્યારે મોરબીના હળવદમાં નકલી સ્ટેમ્પ, દસ્તાવેજોને આધારે સરકારી જમીન હડપ કરવાનું કૌભાંડ ઝડપાયું છે. હળવદ પંથકમાં આવેલા ૩ ગામડાઓમાં સરકારી જમીન પચાવી પાડવાનું કૌંભાડ સામે આવ્યું છે. કૌંભાડની સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરતાં પોલીસે ૪ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. તેમજ ૪ આરોપીની રિમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી છે. નકલી સ્ટેમ્પ અને દસ્તાવેજોના આધારે આરોપીઓએ કૌંભાડ હાથ ધર્યું હતું. પ્રાપ્ત થતી માહિતી અનુસાર આરોપીઓએ કોયબા, ઘનશ્યામપુર, સુંદરીભવાની ગામે સરકારી જમીન પચાવી પાડી હતી. કુલ ૩૪૪ વીઘાની ત્રણ સરકારી જમીન પડાવી આરોપીઓએ પોતાના નામે કરી હતી. સમગ્ર ઘટનાની જાણ થતા હળવદ મામલતદારે હળવદ પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો છે.

જમીન કૌંભાડના કેસમાં બે મહિલા સહિત નવ ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરાયો છે. જેમાંથી ૪ આરોપી હાલ પોલીસના સકંજામાં છે. ખોટા રબ્બર સ્ટેમ્પ અને અધિકારીઓની નકલી સહીઓ વાળા દસ્તાવેજોને આધારે કૌભાંડ પાર આચરવામાં આવ્યું છે.

# સુરતમાં બોર્ડના વિદ્યાર્થીનો આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા) **સુરત, તા.૦૯**

સુરત શહેરના સચિન તેલનપુર વિસ્તારમાં ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીએ ફિઝિક્સ વિષયના પેપરમાં ઓછા માર્ક્સ આવતા આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં શોક છવાઈ ગયો છે. ISRO માં વૈજ્ઞાનિક બનવાનું સપનું જોતા આ ૧૬ વર્ષીય વિદ્યાર્થીએ માર્ક્સથી નિરાશ થઈ ઘરમાં જ ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું. સુરત શહેરમાં સચિન તેલનપુરમાં રહેતા તનમય રાઠોડ નામના ૧૬ વર્ષીય વિદ્યાર્થીએ હાલમાં લેવાયેલી પ્રથમ સત્રની પરીક્ષામાં ફિઝિક્સના પેપરમાં ઓછા માર્ક્સ મેળવ્યા હતા. ઈસરોમાં જવાનું સ્વપ્ન જોતા હોશિયાર તનમયને આ વાતનું માઠું લાગી આવતા તેણે ઘરમાં ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. તનમયના પિતા હિમાંશુભાઈ જાણીતી કંપનીમાં એન્જિનિયર છે. આ ઘટનાએ પરિવારને ઊંડા શોકમાં ગરકાવ કરી દીધો છે. કારણ કે મૃતક વિદ્યાર્થીના કાકા જીતુભાઈ રાઠોડ પોતે શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓને આપઘાત ન કરવા અંગેની તાલીમ આપવાનું કાર્ય કરે છે. આશ્ચર્યજનક વાત તો એ છે કે, જીતુભાઈ પોતે ધોરણ ૧૦માં ત્રણ વખત નાપાસ થયા બાદ પણ હાર માન્યા વિના મહેનત કરી આજે કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. પરંતુ તેમના જ ભત્રીજાએ આત્મઘાતી પગલું ભરી લેતા આખો પરિવાર શોકમાં ડૂબી ગયો છે. આ ઘટનાની જાણ થતાં સચિન પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે હાલમાં આપઘાતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ કરુણ ઘટનાએ ફરી એકવાર વિદ્યાર્થીઓ પરના શૈક્ષણિક દબાણ અને તેના ગંભીર પરિણામો તરફ સૌનું ધ્યાન દોર્યું છે.

# મરણ પથારીએ પડ્યો ગુજરાતનો જીનિંગ ઉદ્યોગ

**કડી વિસ્તારમાં MSP અને ઈમ્પોર્ટ ડ્યુટીની નીતિના કારણે ૧૧૫ માંથી ૫૫ જીનિંગ મિલોને તાળાં વાગી ગયા છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**મહેસાણા, તા.૦૯**

ગુજરાતનો જીનિંગ ઉદ્યોગ મરણ પથારીએ હોય તેવી સ્થિતિએ આવી ગયો છે. મહેસાણાના કડી વિસ્તારમાં છેલ્લા ૨ વર્ષમાં ૧૧૫માંથી ૫૫ જીનિંગ ઉદ્યોગોને તાળા લાગ્યા છે. એક સમયે અહીંથી ૫૫ લાખ ગાંસડીઓ કોટન એક્સપોર્ટ થતું હતું. તેની સામે હવે હવે ૪૫ લાખ કોટન ઈમ્પોર્ટ થાય છે. સરકારે સત્વરે યોગ્ય નીતિ લાવે તેવી આશા ઉદ્યોગકારોએ વ્યક્ત કરી છે.

છેલ્લા બે વર્ષમાં ૧૧૫ માંથી ૫૫ જીનિંગ મિલોને તાળાં લાગ્યા છે. MSP અને ઈમ્પોર્ટ ડ્યુટીની નીતિના કારણે ગુજરાત જીનિંગ ઉદ્યોગોને અસર પડી છે. કોટનમાં ઈમ્પોર્ટ ડ્યુટી બંધ કરી હોવાથી એક્સપોર્ટ બંધ થયું છે અને ઈમ્પોર્ટ ચાલુ થયુ છે. એક સમયે ૫૫ લાખ ગાંસાડીઓ કોટન એક્સપોર્ટ થતું અને હવે ૪૫ લાખ કોટન ઈમ્પોર્ટ થાય છે.

ગુજરાતમાં જીનિંગ ઉદ્યોગ હવે બંધ થવા લાગ્યો હોય એવી સ્થિતિનું નિર્માણ થયું છે. કારણ કે MSP અને ઈમ્પોર્ટ ડ્યુટીની અસર હવે જીનિંગ ઉદ્યોગ ઉપર પડવા લાગ્યું છે. MSP અને ઈમ્પોર્ટ ડ્યુટી બંધ કરી હોવાથી વિદેશી કપાસ કોટન સસ્તું પડે છે અને સ્વદેશી કપાસ કોટનના ભાવ ઊંચા રહે છે. આ કારણે વિશ્વભર માં કોટન માર્કેટ તરીકે જાણીતા કડી તાલુકા વિસ્તારમાં છેલ્લા બે વર્ષમાં ૫૫ જીનિંગ મિલોને તાળાં વાગી ગયા છે.

આ વિશે ગુજરાત જીનિંગ એસોસિયેશનના સેક્રેટરી શૈલેષ પટેલે જણાવ્યું કે, કડી વિસ્તારમાં ૧૧૫ જેટલી જીનિંગ મિલો ધમધમતી હતી. પણ MSP અને ઈમ્પોર્ટ ડ્યુટીની નીતિના કારણે ૧૧૫ માંથી ૫૫ જીનિંગ મિલોને તાળાં વાગી ગયા છે. બે વર્ષ પહેલાં કડીનો જીનિંગ ઉદ્યોગ ધમધમતો હતો, ત્યારે ૫૫ લાખ ગાંસડીઓ ભારતમાંથી એક્સપોર્ટ થતી હતી અને હવે MSP અને ઈમ્પોર્ટ ડ્યુટી બંધ કરી હોવાથી ૫૫ લાખ ગાંસડી એક્સપોર્ટ બંધ થયું અને તેના બદલે ૪૫ લાખ ગાંસડી કોટન ઈમ્પોર્ટ થવા લાગ્યું હોવાથી કડી કોટન માર્કેટની જીનિંગ મિલોને તાળાં લાગવા લાગ્યા અને ૫૫ જેટલી જીનિંગ મિલો બંધ પણ થઈ ગઈ છે.

જો સરકાર સત્વરે યોગ્ય નીતિ નહીં લાવે તો ગુજરાત નો જીનિંગ ઉદ્યોગ ૧૦૦ ટકા બંધ થવાની શક્યતાઓ વ્યક્ત કરાઈ છે. ગુજરાતમાં કપાસના પાકનું પુષ્કળ પ્રમાણમાં વાવેતર થતા જીનો રાતદિવસ ધમધમતા હતા. મહેસાણા જિલ્લામાં કડી અને વિજાપુર જિલ્લામાં સૌથી વધુ કપાસના જીનો હતા, જ્યાં આંધ્ર પ્રદેશ, સૌરાષ્ટ્ર, કર્ણાટક, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાંથી ખેડૂતો કપાસ વેચવા માટે આવતા હતા. ત્યારે બે વર્ષ પહેલા ૫૫ લાખ ગાંસડીઓ ભારતમાંથી એક્સપોર્ટ થતી હતી અને હવે એમએસપી અને ઈમ્પોર્ટ ડ્યુટી બંધ કરી હોવાની અસરથી કોટનની ૫૫ લાખ ગાંસડીઓનું એક્પોર્ટ બંધ થઈ ગયું છે અને તેની સામે કોટનની ૪૫ લાખ ગાંસડી ઈમ્પોર્ટ થવા લાગી છે. ઈમ્પોર્ટ કરાયેલી ગાંસડી ૫૧ હજારમાં પડે છે, જ્યારે કડીમાં તૈયારી થયેલી ગાંસડી ૫૪ હજારમાં પડે છે. જેના કારણે કડીની કેટલીક કપાસની જીનોને ખંભાતી તાળાં લાગ્યા છે અને સરકાર આ માટે કોઈ યોગ્ય પગલાં નહીં લે તો તમામ જીનો બંધ થઈ જેશે તેવી સ્થિતિ સર્જાઈ છે. સૌરાષ્ટ્રમાં પણ પહેલા જીનો હતા, પરંતુ સરકારની નીતિઓને કારણે તે બંધ થવા લાગ્યા છે. સરકાર આ અંગેના પગલાં લેવા ઈચ્છે તો, બિયારણ, ખાતર, દવાઓ નિઃશુલ્ક અથવા ઓછા ભાવે આપી શકાય, બિયારણમાં સુધારો લાવી શકાય, જેથી વધારે ઉતારો આવી શકે છે. પરંતુ સરકાર આ પ્રકારની નીતિઓને અવગણી અને માત્ર એમએસપી વધારીને કામ ચલાવશે તો આ સ્થિતિમાં કોઈ સુધારો નહીં આવે.

રોકાણકારોની શ્રદ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ®

www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ

+91 99390 80808

# ભારતીય શેરબજારમાં ઉછાળે વેચવાલી યથાવત્ રહેશે...!!!

**રોકાણકાર મિત્રો, આનંદ ને...!!**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પરમાણુ પરીક્ષણ મામલે સ્ફોટક નિવેદનને લઈ જીઓપોલિટીકલ ટેન્શન વધવાના અને વૈશ્વિક બજારોનું સેન્ટીમેન્ટ ડહોળાતાં તેમજ અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ ડીલ થવાની આશાઓ વચ્ચે ચીન પરના ટેરિફમાં ઘટાડો અને ભારત સાથે ટ્રેડ ડીલ અંગે ટ્રમ્પના નિવેદન બાદ કેટલીક મહત્વપૂર્ણ બાબતોને કારણે આ સમજૂતી ફરી અનિશ્ચિતતામાં સપડાઈ ગયાને પગલે ગત સપ્તાહ દરમિયાન ભારતીય શેરબજારમાં અફડાતફડી જોવા મળી હતી. ઈઝરાયેલ-હમાસ વચ્ચે વધતા યુદ્ધના તણાવ અને યુક્રેન-રશિયા સંઘર્ષને કારણે વૈશ્વિક જીઓપોલિટીકલ પરિસ્થિતિ અસ્થિર બની હતી, જેના પરિણામે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો ભારતીય શેરબજારમાં સતત વેચવાલી કરી હતી.

ભારતીય શેરબજારમાં નોંધાયેલ ઘટાડાનું મુખ્ય કારણ વૈશ્વિક તેમજ સ્થાનિક સ્તરે ઉભા થયેલા અનિશ્ચિત સંજોગો છે, જેમ કે રૂપિયાની કિંમતમાં ઘટાડો, કાચા તેલના ભાવમાં વધારાની ચિંતા અને આર્થિક વૃદ્ધિના ધીમા સંકેતો તેમજ વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા સતત વેચવાલી નોંધાતા બજારમાં દબાણ વધ્યું છે. આ બધાની વચ્ચે, અમેરિકાના ટેરિફ યુદ્ધ અને મધ્ય પૂર્વમાં વધતા જીઓપોલિટિકલ તણાવને કારણે વૈશ્વિક મૂડી વધુ સુરક્ષિત આશ્રય સ્થાનો તરફ વળી રહી છે, પરિણામે ભારતીય ઈક્વિટી માર્કેટમાં ટૂંકાગાળાનો ઉતાર જોવાઈ રહ્યો છે. સાથે સાથે વોલેટીલિટીના અંતે ઈન્ડેક્સ બેઝડ નરમાઈ સાથે ઉછાળે ફંડોની નફારૂપી વેચવાલી નોંધાતા ભારતીય શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો.

**સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો...**

સપ્ટેમ્બર મહિનામાં ૬૦.૯૦ રહેલા ભારતના સેવા ક્ષેત્રના પીએમઆઈ (પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ) ઓક્ટોબરમાં ૫૮.૯૦ સુધી ઘટ્યો છે, જે બતાવે છે કે સેવા ક્ષેત્રમાં વિસ્તરણની ગતિ થોડી મર્યાદિત થઈ છે. જો કે ૫૦ના સ્તરથી ઉંચા પીએમઆઈના કારણે ક્ષેત્રમાં વિસ્તરણ સતત જળવાઈ રહ્યું છે અને વર્ષના મે માસ પછીનું સૌથી મજબૂત સ્તર દર્શાવે છે. જીએસટીમાં રાહત અને સ્થિર માંગની સ્થિતિએ કંપનીઓના ખર્ચમાં ઘટાડો અને નફાકારકતા સુધારવામાં મદદ કરી છે, જે પ્રાથમિક તત્વ તરીકે ભારતીય શેરબજારમાં લિફ્ટ પ્રદાન કરી શકે છે. કાચા માલના ખર્ચમાં ઘટાડો અને નવી ભરતીના પગલાંએ સેવા ક્ષેત્રની કામગીરીને સુગમ બનાવ્યો છે, જેના કારણે કંપનીઓ બાકી ઓર્ડરો પૂર્ણ કરી શકી છે અને બજારમાં મૂડી રોકાણ માટે વધુ વિશ્વાસ ઉભો થયો છે.

આ સમયગાળા દરમિયાન નવા બિઝનેસ ઓર્ડરોમાં વૃદ્ધિની ગતિ પાંચ મહિનાની નીચી સપાટીએ રહી છે, પરંતુ ભાવ સંબંધી દબાણ જીએસટી સુધારાઓના કારણે નિયંત્રિત રહ્યું છે. સેવા અને ઉત્પાદન ક્ષેત્રનો સંયુક્ત પીએમઆઈ ૬૧ પરથી ૬૦.૪૦ પર થોડીક નબળી પડી છે, જે દર્શાવે છે કે આ ક્ષેત્રોનું વિકાસ કદાચ થોડી મર્યાદિત છે, પરંતુ હજુ પણ મજબૂત છે. આ પરિસ્થિતિ ભારતીય શેરબજારમાં રોકાણકારો માટે સુખદ સંકેત છે કારણ કે મજબૂત માંગ, ખર્ચમાં નિયંત્રણ અને ભાવ સ્પર્ધા સાથે કંપનીઓ નફાકારકતા જાળવી શકી છે. વ્યાપારિક આશાવાદ હજુ પણ ટકાવી રાખ્યો છે, જે શેરબજારમાં લાંબા ગાળાના મજબૂત વિકાસની અપેક્ષા પ્રગટાવે છે.

**મિત્રો, નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં સ્થાનિક તેમજ વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા...**

સ્થાનિક સંસ્થાઓના રોકાણ સંદર્ભે જોઈએ તો કેશ સેગમેન્ટમાં એપ્રિલ ૨૦૨૫માં અંદાજીત રૂ.૨૮,૨૨૮.૪૫ કરોડની ખરીદી, મે ૨૦૨૫માં અંદાજીત રૂ.૬૭,૬૪૨.૩૪ કરોડની ખરીદી, જુન ૨૦૨૫માં અંદાજીત રૂ.૭૨,૬૭૩.૯૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૨૫માં અંદાજીત રૂ.૬૦,૯૩૯.૧૬ કરોડની ખરીદી, ઓગસ્ટ ૨૦૨૫માં અંદાજીત રૂ.૯૪,૮૨૮.૫૫ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૨૫માં અંદાજીત રૂ.૬૫,૩૪૩.૫૯ કરોડની ખરીદી, ઓક્ટોબર ૨૦૨૫માં રૂ.૫૨,૭૯૪.૦૨ કરોડની ખરીદી તેમજ ૦૬ નવેમ્બર ૨૦૨૫ સુધીમાં અંદાજીત રૂ.૧૦,૦૦૩.૧૭ કરોડની ખરીદી કરવામાં આવી હતી.


જ્યારે વિદેશી સંસ્થાઓના રોકાણ સંદર્ભે જોઈએ તો કેશ સેગમેન્ટમાં એપ્રિલ ૨૦૨૫માં અંદાજીત રૂ.૨૭૩૫.૦૨ કરોડની ખરીદી, મે ૨૦૨૫માં અંદાજીત રૂ.૧૧,૭૭૩.૨૫ કરોડની ખરીદી, જુન ૨૦૨૫માં અંદાજીત રૂ.૭૪૮૮.૯૮ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૨૫માં અંદાજીત રૂ.૪૭,૬૬૬.૬૮ કરોડની વેચવાલી, ઓગસ્ટ ૨૦૨૫માં અંદાજીત રૂ.૪૬,૯૦૨.૯૨ કરોડની વેચવાલી, સપ્ટેમ્બર ૨૦૨૫માં અંદાજીત રૂ.૩૫,૩૦૧.૩૬ કરોડની વેચવાલી, ઓક્ટોબર ૨૦૨૫માં ૨૩૪૬.૮૯ કરોડની વેચવાલી તેમજ ૦૬ નવેમ્બર ૨૦૨૫ સુધીમાં અંદાજીત રૂ.૬૨૧૪.૦૦ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

**બજારની ભાવિ દિશા....**

મિત્રો, વૈશ્વિક રાજકીય અને આર્થિક પરિસ્થિતિઓમાં તાજેતરના ફેરફારો ભારતીય શેરબજાર માટે મિશ્રિત તક અને જોખમ સાથેના પરિપ્રેક્ષ્ય પ્રદાન કરે છે. અમેરિકાના રાષ્ટ્રપતિની નીતિમાં ફેરફાર, અમેરિકા-ચીન વચ્ચે ટેરિફ યુદ્ધમાં વિરામ અને એશિયાઈ દેશો સાથે નવા ટ્રેડ ડીલ્સથી વૈશ્વિક સપ્લાય ચેઈનમાં રાહત મળી છે, જે ભારતીય ઈક્વિટી માર્કેટમાં થોડો પોઝિટિવ સેન્ટિમેન્ટ ઉભો કરી શકે છે. સાથે જ ટેકનોલોજી, એનર્જી અને મેટલ સેક્ટરમાં વૈશ્વિક સ્તરે થતા ફેરફારો અને જીઓપોલિટીકલ તણાવ, ખાસ કરીને ઈઝરાયેલ-હમાસ અને રશિયા-યુક્રેન ક્ષેત્રે, રોકાણકારો માટે જોખમના પરિબળ તરીકે રહે છે. આ પરિસ્થિતિમાં બજારમાં તાત્કાલિક તેજીનો ઈન્ફ્લૂઅન્સ મિશ્રિત રહેશે અને રોકાણકારોએ નફાખોરી અને જોખમ વચ્ચે સંતુલન જાળવવું જરૂરી રહેશે.

લાંબા ગાળે, ભારતીય અર્થવ્યવસ્થા મજબૂત વૃદ્ધિની દિશામાં આગળ વધતી જોવા મળે છે. રેપો રેટ અને કેશ રિઝર્વ રેશિયોમાં ઘટાડા, લિક્વિડિટી વધારાના પગલાં, જીએસટીમાં રાહત અને સ્થાનિક માંગમાં વૃદ્ધિ જેવા પરિબળો બજાર માટે સકારાત્મક છે. ભારત-અમેરિકા વચ્ચે સંભવિત ટ્રેડ ડીલ અને ડોમેસ્ટિક ફંડ્સની સતત ખરીદી ભારતીય શેરબજારમાં ટેકો પૂરાં પાડશે, જ્યારે વિદેશી ફંડોનું ફરી વળતર આગામી મહિનાઓમાં તેજીની શક્યતા વધારે છે. તેમ છતાં, વૈશ્વિક વૃદ્ધિ નબળાઈ, મધ્યપૂર્વમાં તણાવ અને ડોલર-કાચા તેલની કિંમતોમાં ઉથલપાથલ ટૂંકા ગાળામાં બજાર પર દબાણ ઉભું કરી શકે છે. છતાં, મજબૂત કોર્પોરેટ કમાણી અને ઉદ્યોગ ક્ષેત્રની વૃદ્ધિ આધાર સાથે ભારતીય શેરબજાર લાંબા ગાળે મજબૂત પાયાના વિકાસ તરફ આગળ વધવાની શક્યતા ધરાવે છે.


**નિફ્ટી ફ્યુચર સાપ્તાહિક મુવમેન્ટ**




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 13.10.2025 TO 17.10.2025 | 25411.00 | 25340.00 | 25849.00 | 25123.20 | 25757.80 | 346.80 |
| 20.10.2025 TO 24.10.2025 | 25757.80 | 25880.20 | 26205.00 | 25733.00 | 25814.80 | 57.00 |
| 27.10.2025 TO 31.10.2025 | 25814.80 | 25901.00 | 26284.90 | 25878.00 | 25905.50 | 90.70 |
| 03.11.2025 TO 07.11.2025 | 25905.50 | 25890.00 | 25942.60 | 25428.10 | 25605.00 | -300.50 |

નિફ્ટી ફ્યુચર તા. ૦૩-૧૧-૨૦૨૫ ના રોજ ૨૫૮૯૦ પોઈન્ટ ખુલીને ૨૫૪૨૮ પોઈન્ટના નીચા મથાળેથી ૨૫૯૪૨ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૫૧૪ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૩૦૦ પોઈન્ટના ઘટાડે ૨૫૬૦૫ પોઈન્ટ બંધ થયેલ.

**બેન્ક નિફ્ટી ફ્યુચર સાપ્તાહિક મુવમેન્ટ**




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 13.10.2025 TO 17.10.2025 | 56862.20 | 56578.00 | 57920.20 | 56461.20 | 57757.20 | 895.00 |
| 20.10.2025 TO 24.10.2025 | 57757.20 | 57835.00 | 58576.60 | 57498.80 | 57703.20 | -54.00 |
| 27.10.2025 TO 31.10.2025 | 57703.20 | 57762.20 | 58830.00 | 57740.80 | 58184.60 | 481.40 |
| 03.11.2025 TO 07.11.2025 | 58184.60 | 58141.80 | 58499.00 | 57450.40 | 58217.20 | 32.60 |

બેન્ક નિફ્ટી ફ્યુચર તા. ૦૩-૧૧-૨૦૨૫ ના રોજ ૫૮૧૪૧ પોઈન્ટ ખુલીને ૫૭૪૫૦ પોઈન્ટના નીચા મથાળેથી ૫૮૪૯૯ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૧૦૪૯ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૩૨ પોઈન્ટના ઉછાળે ૫૮૨૧૭ પોઈન્ટ બંધ થયેલ.

**નિફ્ટી ફ્યુચર : ૨૫૬૦૫ પોઈન્ટ** આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૨૫૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૨૫૮૮૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૨૫૪૭૪ પોઈન્ટ થી ૨૫૪૦૪ પોઈન્ટ, ૨૫૩૭૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૮૮૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

**બેન્ક નિફ્ટી ફ્યુચર : ૫૮૨૧૭ પોઈન્ટ** આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૫૮૪૭૪ પોઈન્ટના પ્રથમ અને ૫૮૬૦૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૫૮૦૮૮ પોઈન્ટ થી ૫૮૦૦૮ પોઈન્ટ, ૫૭૯૭૯ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૫૮૬૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી.

## ફ્યુચર રોકાણ

**(૧)સિપ્લા લિમિટેડ (૧૫૧૨) :** ફાર્મા સેક્ટરની આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૪૯૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૪૮૮ ના સ્ટ્રોંગ સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૫૩૪ થી રૂ.૧૫૪૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૫૪૮ ઉપર તેજી તરફી ધ્યાન...!!

**(૨)રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૧૪૮૫) :** A/T+1 ગ્રુપનો આ સ્ટોક રૂ.૧૪૩૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૪૨૦ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૧૪૯૭ થી રૂ.૧૫૦૮ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

**(૩)વોલ્ટાસ લિમિટેડ (૧૩૧૩) :** રૂ.૧૨૯૩ નો પ્રથમ તેમજ રૂ.૧૨૮૦ બીજા સપોર્ટથી હાઉસહોલ્ડ એન્ડ એપ્લાયન્સિસ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૩૨૭ થી રૂ.૧૩૪૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!!

**(૪)ઓબેરોઇ રિયલ્ટી (૧૭૮૧) :** ટેકનીકલ ચાર્ટ મુજબ રેસિડેન્શિયલ, કોમર્શિયલ પ્રોજેક્ટ્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૮૦૮ આસપાસ સપોર્ટથી રૂ.૧૭૬૪ થી રૂ.૧૭૫૦ ના નીચા મથાળે ભાવ સપાટીની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૮૨૦ નો સપોર્ટ ખાસ ધ્યાને લેવો..!!

**(૫)ઈન્ફોસિસ લિમિટેડ (૧૪૬૦) :** રૂ.૧૪૮૪ આસપાસ ઓવરબોટ પોઝિશનની શકયતાએ આ સ્ટોક રૂ.૧૫૦૦ ના સપોર્ટ તબક્કાવાર રૂ.૧૪૩૭ થી રૂ.૧૪૨૪ ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૫૧૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

**(૬)ICICI બેન્ક (૧૩૪૬) :** પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૩૮૦ આસપાસનાં સપોર્ટથી પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૩૨૭ થી રૂ.૧૩૦૯ ભાવની આસપાસ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!!

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક મુવમેન્ટ

**(૧)ઓરિયન્ટ ટેક્નોલોજીસ (૪૧૪):** A/T+1 ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૪૦૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૩૯૭ ના સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૪૨૪ થી રૂ.૪૩૦ નો ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૪૩૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

**(૨)રેલ વિકાસ નિગમ (૩૧૦):** ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૩૦૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૨૯૪ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૩૨૪ થી રૂ.૩૩૦ નો ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

**(૩)આરબીએલ બેન્ક (૩૦૮):** રૂ.૨૯૭ નો પ્રથમ તેમજ રૂ.૨૯૦ના બીજા સપોર્ટથી ટૂંકાગાળે ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૩૧૭ થી રૂ.૩૨૩ સુધીના ભાવ સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

**(૪)ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ (૨૯૭):** ગેઈ ટ્રાન્સમિશન/માર્કેટિંગ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૩૦૮ થી રૂ.૩૧૪ ના ભાવ સપાટીની સંભાવના ધરાવે છે.!! રૂ.૨૮૮ નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો....!!

**(૫)નોસિલ લિમિટેડ (૧૭૦) :** રૂ.૧૬૩ નો પ્રથમ તેમજ રૂ.૧૫૭ ના સ્ટ્રોંગ સપોર્ટથી સ્પેશિયલટી કેમિકલ્સ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૧૮૩ થી રૂ.૧૯૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

**(૬)ગેઈલ (ઈન્ડિયા) લિમિટેડ (૧૭૩) :** સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૧૬૬ આસપાસના સ્ટ્રોંગ સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૧૮૩ થી રૂ.૧૯૦ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

**(૭)જીપીટી હેલ્થકેર (૧૪૦) :** આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૩૩ ના સ્ટ્રોંગ સપોર્ટથી ટૂંકા ગાળે અંદાજીત રૂ.૧૫૩ થી રૂ.૧૬૦ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

**(૮)આઈનોક્સ વિન્ડ (૧૪૦) :** ટેકનીકલ ચાર્ટ મુજબ હેવી ઈલેક્ટ્રિકલ ઈક્વિપમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૩૩ આસપાસ સપોર્ટથી રોકાણકારે રૂ.૧૫૩ થી રૂ.૧૬૦ ના ભાવ સપાટીની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટૂંકાગાળે રૂ.૧૨૬ સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!

## સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો

**(૧)શ્રીરામ પ્રોપર્ટીઝ (૯૦) :** રેસિડેન્શિયલ, કોમર્શિયલ પ્રોજેક્ટ્સ સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૯૭ થી રૂ.૧૦૩ ના ભાવ સપાટીની સંભાવના ધરાવે છે...!! રૂ.૮૪ નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!

**(૨)આલ્કલી મેટલ્સ (૮૭):** ડિલેવરીબેઈઝ રોકાણકારે સ્પેશિયલટી કેમિકલ્સ સેક્ટરનાં આ સ્ટોકને રૂા.૮૦ ના અતિ મહત્વના સ્ટ્રોંગ સપોર્ટથી ટ્રેડિંગ સંદર્ભે રૂ.૯૪ થી રૂ.૧૦૦ સુધીની ભાવ સપાટી નોંધાવશે...!!!

**(૩) BPL લિમિટેડ (૭૦) :** ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૪ નો પ્રથમ તેમજ રૂ.૬૦ ના સ્ટ્રોંગ સપોર્ટથી કન્ઝયુમર ઈલેક્ટ્રોનિક્સ સેકટરનો આ સ્ટોક ટુંકાગાળે રૂા.૭૪ થી રૂ.૭૯ સુધીના ભાવ સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

**(૪)વાસ્કોન એન્જીનિયર્સ (૬૩):** રૂ.૫૮ના સ્ટ્રોંગ સપોટ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૬૮ થી રૂ.૭૩ નો ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે....!!

The Securities quoted are for illustration only and are not recommendatory. Investment in securities market are subject to market risks. Read Disclaimer and related all the documents carefully before investing, mentioned on www.nikhilbhatt.in
ખાસ નોંધ : ડિસ્ક્લેમર/પોલીસી/શરતો-https://www.capsavaj.com/policies ને આધિન....!!

**તબકકાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...**

**નિફ્ટી ફ્યુચર રેન્જ ૨૫૩૭૩ થી ૨૫૮૦૮ પોઈન્ટ ધ્યાને લેવી...!!!**

# વૈશ્વિક કોમોડિટીના ભાવો વર્ષ ૨૦૨૬માં છ વર્ષના તળિયે પહોંચશે : વર્લ્ડ બેંકનો અંદાજ




વર્લ્ડ બેંકના તાજેતરના કોમોડિટી માર્કેટ્સ આઉટલૂક રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૬ સુધી વૈશ્વિક કોમોડિટીના ભાવ છ વર્ષના તળિયે પહોંચી શકે છે. આ સતત ચોથા વર્ષે ઘટાડો દર્શાવશે. વૈશ્વિક ટ્રેડમાં અનિશ્ચિતતા, ક્રુડ ઓઈલના વધતા પુરવઠા અને નીતિગત અસ્થિરતા વચ્ચે નબળો આર્થિક વિકાસ કોમોડિટી બજારોમાં દબાણ લાવી રહ્યો છે. વર્લ્ડ બેંકના અંદાજ મુજબ, ૨૦૨૫ અને ૨૦૨૬ દરમિયાન કોમોડિટી ભાવોમાં સરેરાશ ૭% સુધીનો ઘટાડો થઈ શકે છે. વિશ્વ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી ઈન્દરમીત ગિલે જણાવ્યું કે, કોમોડિટી બજારોએ વૈશ્વિક અર્થતંત્રને ટૂંકા ગાળામાં સ્થિર બનાવવામાં મદદ કરી છે, પરંતુ આ રાહત લાંબા સમય સુધી ટકી શકશે નહીં. તેમણે સરકારોને સલાહ આપી કે આ અનુકૂળ પરિસ્થિતિનો ઉપયોગ કરીને નાણાકીય સંતુલન મજબૂત કરવું જોઈએ. ક્રુડ ઓઈલના પુરવઠામાં વધારાનો પ્રભાવ સૌથી વધુ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે.

ચીનમાં ઈલેક્ટ્રિક વાહનોની વધતી માંગ અને સ્થિર વપરાશને કારણે ઓઈલની કુલ માંગ ધીમી પડી છે. મુખ્ય ઉત્પાદકો તરફથી વધતા ઉત્પાદનને કારણે વર્ષ ૨૦૨૬માં બ્રેન્ટ ક્રુડના ભાવ સરેરાશ ૬૦ ડોલર પ્રતિ બેરલ સુધી નીચે જઈ શકે છે, જે છેલ્લા પાંચ વર્ષના નીચલા સ્તર સમાન ગણાશે. ખાદ્ય પદાર્થોના બજારમાં પણ ઘટાડાની દિશા જોવા મળી રહી છે. ચોખા અને ઘઉંના ભાવ ઘટતા ૨૦૨૫માં ખાદ્ય પદાર્થોના ભાવમાં આશરે ૬.૧%નો ઘટાડો થવાનો અને ૨૦૨૬માં પણ થોડો વધુ ઘટાડો થવાનો અંદાજ છે. જો કે ખાતરના ભાવોમાં તાત્કાલિક ઘટાડા પછી આવતા વર્ષે ૨૧%નો ઉછાળો નોંધાઈ શકે છે. જીઓપોલિટીકલ તણાવ અને નીતિગત અનિશ્ચિતતા વચ્ચે રોકાણકારો સલામત રોકાણ તરીકે સોનાની તરફ વળી રહ્યા છે. વર્ષ ૨૦૨૫માં સોનાના ભાવમાં ૪૨%નો ઉછાળો અને ૨૦૨૬માં પણ તેજી યથાવત રહેવાની ધારણા છે.

આ ભાવો ૨૦૧૫થી ૨૦૧૯ના સરેરાશની તુલનામાં બમણા ગણાશે. ચાંદીના ભાવો પણ આગાહીના સમયગાળામાં રેકોર્ડ ઊંચાઈને અડી શકે છે. વર્લ્ડ બેંકે ચેતવણી આપી છે કે, લાંબા ગાળાના વેપાર ઘર્ષણ, ઈલેક્ટ્રિક વાહનોના ઝડપી અપનાવા અને ઓપેક - પ્લસ દેશોના વધતા ઉત્પાદનને કારણે કોમોડિટીના ભાવ વધુ ઘટી શકે છે. જ્યારે લા નીના, પ્રતિબંધો અથવા હવામાન સંબંધિત આફતો પુરવઠા શ્રૃંખલાઓને વિક્ષેપિત કરી શકે છે, જેનાથી ફરી ભાવોમાં તેજી આવી શકે છે. રિપોર્ટમાં જણાવાયું છે કે LPG અને પેટ્રોલની મજબૂત માંગથી ભારતની ઓઈલ વપરાશ વૃદ્ધિને વેગ મળી રહ્યો છે. ચીન અને ભારત બન્ને વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬માં વૈશ્વિક ઓઈલ વપરાશ વૃદ્ધિમાં સૌથી મોટો ફાળો આપતા દેશો તરીકે ઉભરી શકે છે.

# GST 2.0 બાદ ટુ-વ્હીલર રજીસ્ટ્રેશનમાં રેકોર્ડ વૃદ્ધિ...!!

GST ૨.૦ના અમલીકરણ બાદ ભારતના ટુ-વ્હીલર બજારમાં નોંધપાત્ર તેજી જોવા મળી છે. તાજેતરના આંકડા મુજબ, ઓક્ટોબર મહિનામાં ટુ-વ્હીલર રજીસ્ટ્રેશન ૧.૮૫ મિલિયન સુધી પહોંચી ગયું છે - જે આ વર્ષનો અત્યાર સુધીનો સર્વોચ્ચ માસિક આંકડો છે. આ વૃદ્ધિ તાજેતરમાં લાગુ કરાયેલા GST દર સુધારણા તેમજ તહેવારોની મોસમ દરમિયાન વધેલી ખરીદીની માંગના સંયુક્ત પ્રભાવનું પરિણામ છે, જેણે શહેરી તેમજ ગ્રામ્ય બંને બજારોમાં ગ્રાહકોની ભાવના ફરી જીવંત બનાવી છે. માહિતી અનુસાર, સપ્ટેમ્બરમાં ૧.૨૯ મિલિયન રહેલી રજીસ્ટ્રેશન ૨૩ ઓક્ટોબર સુધીમાં વધીને ૧.૮૫ મિલિયન થઈ ગઈ છે - એટલે કે, એક મહિનામાં ૪૩%થી વધુનો ઉછાળો નોંધાયો છે. આ વૃદ્ધિ જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચે જોવા મળેલી મંદી બાદ રિટેલ વેચાણમાં આવેલી સૌથી મજબૂત પુનઃપ્રાપ્તિ તરીકે ગણાય છે. વર્ષના માસિક આંકડાઓ પરથી પણ આ વલણ સ્પષ્ટ થાય છે - જાન્યુઆરીમાં ૧.૫૩ મિલિયન, ફેબ્રુઆરીમાં ૧.૩૩૫ મિલિયન અને માર્ચમાં ૧.૫૧ મિલિયન રજીસ્ટ્રેશનો થયા હતા. એપ્રિલમાં આ આંકડો ૧.૬૯ મિલિયન સુધી વધ્યો હતો, જ્યારે મેમાં ૧.૬૫ મિલિયન રહ્યો હતો. ત્યારબાદ જૂનમાં ૧.૪૫ મિલિયન અને જુલાઈ-ઓગસ્ટ દરમ્યાન અનુક્રમે ૧.૩૫ મિલિયન અને ૧.૩૭ મિલિયન નોંધાઈને વૃદ્ધિ ધીમી રહી હતી. સપ્ટેમ્બરમાં થોડો ઘટાડો નોંધાયો હતો, પરંતુ ઓક્ટોબરમાં અચાનક ઉછાળો આવી ૧.૮૫ મિલિયનના સ્તર સુધી પહોંચ્યો હતો - જે સ્પષ્ટપણે બતાવે છે કે GST સુધારા અને તહેવારોની મોસમ બંનેએ મળીને બજારને નવા વેગ સાથે આગળ ધપાવ્યું છે.

# રેકોર્ડબ્રેક તેજી વચ્ચે ભારતમાં સોનાની માંગ ૨૩% વધી...!!

અકલ્પનીય તેજી વચ્ચે ભારત સહિત વિશ્વભરમાં સોનાની માંગે નવો રેકોર્ડ બનાવ્યો છે. જુલાઈથી સપ્ટેમ્બર ૨૦૨૫ દરમ્યાન, સોનાના ઊંચા ભાવ હોવા છતાં ભારતીય ગ્રાહકો અને રોકાણકારોએ સોનામાં ભારે ખરીદી ચાલુ રાખી છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના 'ગોલ્ડ ડિમાન્ડ ટ્રેન્ડ્સ રિપોર્ટ' અનુસાર, આ ત્રિમાસિક ગાળામાં દેશમાં સોનાની કુલ માંગ રૂ. ૨,૦૩,૨૪૦ કરોડ સુધી પહોંચી છે, જે ગત વર્ષની તુલનામાં ૨૩% વધારે છે. જો કે વોલ્યુમના દ્રષ્ટિકોણે માંગમાં ૧૬%નો ઘટાડો નોંધાયો છે. વૈશ્વિક સ્તરે સોનાની કુલ માંગ ૧૩૧૩ ટન સુધી વધી છે, જે વાર્ષિક ધોરણે ૩%નો ઉછાળો દર્શાવે છે. મૂલ્યના દ્રષ્ટિકોણે માંગ ૪૪% વધીને ૧૪૬ અબજ ડોલર થઈ છે. રોકાણકારોની મજબૂત ખરીદીને કારણે સોનાના ભાવોએ આ ક્વાર્ટર દરમિયાન ૧૩ વખત નવા સર્વોચ્ચ સ્તરો સર કર્યા, જ્યારે દાગીનાની ખરીદીમાં ઘટાડો નોંધાયો. રોકાણના ક્ષેત્રે સૌથી વધુ સક્રિયતા એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સમાં જોવા મળી - જેમાં ૨૨૨ ટન સોનાની ખરીદી થઈ, જે ૨૦૨૦ના રેકોર્ડની નજીક છે.

બાર અને કોઈનની માંગ સતત ચોથા ક્વાર્ટર માટે ૩૦૦ ટનથી ઉપર રહી છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના મુજબ, યુએસ વ્યાજદરમાં ઘટાડો અને ડોલરની નબળાઈએ રોકાણકારોમાં સોનાપ્રતિ વિશ્વાસ વધાર્યો છે. દાગીનાની માંગમાં નોંધપાત્ર ઘટાડો થયો. ૩૧%થી ઘટીને ૧૧૭.૭ ટન - છતાં મૂલ્ય રૂ. ૧,૧૪,૨૭૦ કરોડની આસપાસ સ્થિર રહ્યું છે.

ભારત અને ચીન બંનેમાં રોકાણ રૂપે બાર અને કોઈનની ખરીદી અનુક્રમે ૨૦% અને ૧૯% વધી છે. ખાસ કરીને ભારતીય રોકાણકારોએ આ ત્રિમાસિક ગાળામાં ૧૦ અબજ ડોલરથી વધુનું રોકાણ કરીને અત્યાર સુધીનો સર્વોચ્ચ રેકોર્ડ બનાવ્યો છે. સોનાના દાગીનાની માંગ વૈશ્વિક સ્તરે પણ ઘટી - કુલ ૧૯%નો ઘટાડો, પરંતુ મૂલ્યમાં ૧૩%નો વધારો જોવા મળ્યો છે. ટેકનોલોજી ક્ષેત્રે એઆઈ સર્વર્સ અને ડેટા સેન્ટર્સની વધતી જરૂરિયાતે સોનાના વપરાશને ટેકો આપ્યો છે, જોકે કુલ ટેકનિકલ માંગ ૨% ઘટીને ૮૨ ટન થઈ છે.

કુલ સપ્લાય આ ક્વાર્ટરમાં અત્યાર સુધીના સર્વાધિક ૧૩૧૩ ટન સુધી પહોંચી ગયો છે. સેન્ટ્રલ બેંકોની ખરીદી પણ મજબૂત રહી છે - જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન ૨૨૦ ટન સોનાની ખરીદી થઈ, જે પાછલા ક્વાર્ટર કરતા ૨૮% વધારે છે. કઝાકિસ્તાન, બ્રાઝિલ, તુર્કી અને ગ્વાટેમાલાએ સૌથી વધુ સોનાનો ભંડાર ઉમેર્યો છે, જ્યારે પોલેન્ડે પોતાના રિઝર્વમાં ૩૦% સોનું રાખવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. ચીન, ઈરાક અને ફિલિપાઈન્સે પણ સોનાના ભંડાર વધાર્યા છે. રોકાણકારોએ આ વર્ષે સોનાને સુરક્ષિત રોકાણ વિકલ્પ ('સેફ હેવન') તરીકે વધુ પસંદગી આપી છે. ત્રીજા ક્વાર્ટરમાં કુલ રોકાણ માંગ ૫૩૭ ટન સુધી પહોંચી છે, જે ગત વર્ષની તુલનામાં ૪૭%નો ઉછાળો દર્શાવે છે. ફક્ત સપ્ટેમ્બર મહિનામાં જ ઈટીએફ ઈન્ફ્લોમાં ૨૬ અબજ ડોલરની નવી એન્ટ્રીઓ થઈ, જેના કારણે સોનાના ભાવમાં વધુ તેજી જોવા મળી છે.

# ઓક્ટોબર માસમાં ઉત્પાદન ક્ષેત્રનો પીએમઆઈ ૧૪ મહિનાની ટોચે...!!

હાલમાં વૈશ્વિક વેપાર તણાવ અને ભૂરાજકીય અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ચીન અને જાપાનને બાદ કરતાં એશિયાનો ઉત્પાદન ક્ષેત્ર મજબૂત દેખાવ કરી રહ્યો છે. ઓક્ટોબર મહિનામાં એશિયાનો પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ) ૫૨.૭૦ સુધી વધીને ૧૪ મહિનાની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો છે.

ભારત, થાઈલેન્ડ અને વિયેતનામ જેવા દેશોએ આ વૃદ્ધિને આગળ ધપાવી છે, જેમાં ખાસ કરીને ભારતે સૌથી વધુ પ્રભાવશાળી કામગીરી દર્શાવી છે. એસએન્ડપી ગ્લોબલ માર્કેટ ઈન્ટેલિજન્સ દ્વારા તૈયાર કરાયેલા પીએમઆઈ રિપોર્ટ મુજબ, આ દેશોના ઉત્પાદકો અમેરિકાના ટેરિફને લઈને ખાસ ચિંતિત નથી.

થાઈલેન્ડનો પીએમઆઈ મે ૨૦૨૩ પછીનો સર્વોચ્ચ સ્તરે પહોંચ્યો છે, જ્યારે વિયેતનામનો પીએમઆઈ જુલાઈ ૨૦૨૪ બાદની સૌથી ઊંચી સપાટીએ નોંધાયો છે. ભારતનો પીએમઆઈ ૫૯.૨૦ સુધી વધ્યો છે, જે ઓક્ટોબર મહિનામાં વૈશ્વિક સ્તરે સૌથી વધુ છે. રિપોર્ટ અનુસાર, એશિયાના ઉત્પાદકો આગામી એક વર્ષ માટે પોતાના વેપાર અંગે આશાવાદી છે. જો નવા ઓર્ડરોમાં હાલની જેમ જ વધારો ચાલુ રહેશે અને ભાવમાં દબાણ મર્યાદિત રહેશે, તો ઉત્પાદન ક્ષેત્રની આ વૃદ્ધિની ગતિ આગળ પણ જળવાઈ રહેવાની સંભાવના છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### હવે ટીમ ઈન્ડિયા એક નવા પડકાર માટે તૈયાર

## ભારતનું આગામી મિશન દ. આફ્રિકા સામે ઘરઆંગણે ટેસ્ટ, વન ડે અને T20 સિરીઝ

**બંને ટીમો પહેલા બે ટેસ્ટમાં એકબીજાનો સામનો કરશે, ત્યારબાદ ત્રણ ODI અને અંતે પાંચ T20 મેચ રમશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯ :** ભારતીય ક્રિકેટ ટીમનો ઓસ્ટ્રેલિયા પ્રવાસ પુરો થયો છે. ભારતે પાંચ મેચની T20 સિરીઝ ૨-૧થી જીતીને શાનદાર પ્રદર્શન સાથે પ્રવાસનો અંત કર્યો. અગાઉ ઓસ્ટ્રેલિયાએ ત્રણ મેચની ODI સિરીઝમાં ભારતને ૨-૧થી હરાવ્યું હતું. હવે ટીમ ઈન્ડિયા એક નવા પડકાર માટે તૈયાર છે. તેનું આગામી મિશન દક્ષિણ આફ્રિકા સામે ઘરઆંગણે ટેસ્ટ, વન ડે અને T20 સિરીઝ છે. આ એ જ ટીમ છે જે છેલ્લા ૨૫ વર્ષથી ભારતમાં ટેસ્ટ સિરીઝ જીતવાનું સ્વપ્ન જોઈ રહી છે.

બંને ટીમો પહેલા બે ટેસ્ટમાં એકબીજાનો સામનો કરશે, ત્યારબાદ ત્રણ ODI અને અંતે પાંચ T20 મેચ રમશે. આ સિરીઝ ૧૪ નવેમ્બરથી ૧૯ ડિસેમ્બર સુધી ભારતીય ભૂમિ પર રમાશે.

**ટેસ્ટ સિરીઝ માટે ભારતીય ટીમ :** શુભમન ગિલ (કેપ્ટન), રિષભ પંત (વાઈસ-કેપ્ટન અને વિકેટકીપર), યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, સાઈ સુદર્શન, દેવદત્ત પડિકલ, ધ્રુવ જુરેલ, રવિન્દ્ર જાડેજા, વોશિંગ્ટન સુંદર, જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ, નીતિશ કુમાર રેડ્ડી, મોહમ્મદ સિરાજ, કુલદીપ યાદવ અને આકાશદીપ.

**ટેસ્ટ સિરીઝ ૧૪ નવેમ્બરથી શરૂ થશે**

પહેલી ટેસ્ટ - ૧૪થી ૧૮ નવેમ્બર, કોલકાતા.
બીજી ટેસ્ટ - ૨૧થી ૨૬ નવેમ્બર, ગુવાહાટી

**મેચો કેટલા વાગ્યે શરૂ થશે ?**

ટેસ્ટ મેચો સવારે ૯:૩૦ વાગ્યે શરૂ થશે. વનડે મેચો બપોરે ૧:૩૦ વાગ્યે શરૂ થશે, જ્યારે ટી૨૦ મેચો સાંજે ૭:૦૦ વાગ્યે શરૂ થશે.

**ભારત અને દક્ષિણ આફ્રિકા ODI શેડ્યૂલ**

પ્રથમ ODI - ૩૦ નવેમ્બર, રાંચી
બીજી ODI - ૩ ડિસેમ્બર, રાયપુર
ત્રીજી ODI - ૬ ડિસેમ્બર, વિશાખાપટ્ટનમ

**ભારત અને દક્ષિણ આફ્રિકા T20 શેડ્યૂલ**

પ્રથમ T20 મેચ - ૯ ડિસેમ્બર, કટક
બીજી T20 મેચ - ૧૧ ડિસેમ્બર, ન્યુ ચંદીગઢ
ત્રીજી T20 મેચ - ૧૪ ડિસેમ્બર, ધર્મશાલા
ચોથી T20 મેચ - ૧૭ ડિસેમ્બર, લખનૌ
પાંચમી T20 મેચ - ૧૯ ડિસેમ્બર, અમદાવાદ

### ફાઈનલમાં જેટલા રન બનાવ્યા એટલા લાખનો ચેક મળ્યો

## વર્લ્ડ કપ જીત્યા બાદ સ્ટાર ક્રિકેટર ઋચા ઘોષ બની DSP

**સીએમ મમતા બેનરજીએ કહ્યું કે, ઋચા પ્રેમથી વારંવાર દુનિયા જીતી લેશે, મેન્ટલ સ્ટ્રેંથ એ સૌથી મોટી શક્તિ છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૦૯ :** ભારતે તાજેતરમાં જ ICC મહિલા વનડે વર્લ્ડ કપ ૨૦૨૫ જીતીને ઈતિહાસ રચી દીધો છે. આ ભારતીય મહિલા ટીમની પ્રથમ ICC ટ્રોફી હતી. વર્લ્ડ કપ વિજેતા ટીમનો ભાગ રહેલી વિકેટકીપર ઋચા ઘોષ DSP બની ગઈ છે. તેને પશ્ચિમ બંગાળમાં માનદ ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (DSP) નિયુક્ત કરવામાં આવી છે. રાજ્ય સરકારે તેને પ્રતિષ્ઠિત બંગ ભૂષણ એવોર્ડથી પણ સન્માનિત કરી છે. ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળ (CAB)એ કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં ઋચા માટે એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કર્યું હતું, જેમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ હાજરી આપી હતી.





શનિવારે યોજાયેલા સન્માન સમારોહમાં ૨૨ વર્ષીય ઋચાને ગોલ્ડન બેટ આપવામાં આવી હતી. આ સાથે જ તેને ૩૪ લાખ રૂપિયાનો ચેક પણ મળ્યો હતો. તેણે દક્ષિણ આફ્રિકા સામે ફાઈનલમાં ૨૪ બોલમાં ૩૪ રન બનાવ્યા હતા, જેમાં ત્રણ ચોગ્ગા અને બે છગ્ગા સામેલ હતા. ભારતે ૨૯૮/૭ નો સ્કોર કરીને ૫૨ રનથી ટાઈટલ મેચ જીતી હતી. સન્માન સમારોહની શરૂઆત પરંપરાગત ઉત્તરીય, ફૂલો અને મીઠાઈઓ સાથે થઈ હતી, ત્યારબાદ મુખ્યમંત્રી મમતાએ ઋચાને ગોલ્ડન બેટ, બંગ ભૂષણ, એક સોનાની ચેઈન અને DSP નિમણૂક પત્ર સોંપ્યો હતો.

સીએમ મમતા બેનરજીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, ઋચા પ્રેમથી વારંવાર દુનિયા જીતી લેશે. મેન્ટલ સ્ટ્રેંથ એ સૌથી મોટી શક્તિ છે. તમારે સખત મહેનત કરતા રહેવું જોઈએ, મુશ્કેલીઓને પાર કરીને તમારા લક્ષ્ય સુધી પહોંચવું જોઈએ. તમારે લડવાનું છે, પ્રદર્શન કરવાનું છે, રમવાનું છે અને જીતવાનું છે. બીજી તરફ પશ્ચિમ બંગાળે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, DSP ઋચા ઘોષ, હાર્દિક અભિનંદન. બંગાળનું ગૌરવ ઋચા હવે ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ બની ગઈ છે. પશ્ચિમ બંગાળ સરકારે વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમની મહત્વપૂર્ણ સભ્ય ઋચાને પોલીસમાં ઢજી પદ પર નિયુક્ત કરી છે.

### ભારતીય ચાહકો માટે ખૂબ જ ખરાબ સમાચાર

## રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના કેપ્ટન રજત પાટીદારને ગંભીર ઈજા થઈ

**પાટીદાર ચાર મહિના માટે સાઇડલાઇન થઈ ગયો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯ :** ભારતીય ખેલાડીએ ભારત A માટે અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યા બાદ મુખ્ય ટીમમાં વાપસી માટે મજબૂત દાવો રજૂ કર્યો હતો. દક્ષિણ આફ્રિકા સામેની સિરીઝમાં તેને તક મળવાની શક્યતા હતી, પરંતુ પસંદગીકારોએ તેને તક આપી નહોતી. હવે, એક મોટી અપડેટ સામે આવી છે. ભારત માટે રમતી વખતે ખેલાડીને ઈજા થઈ હતી જેના કારણે તે લગભગ ચાર મહિના માટે ક્રિકેટથી દૂર થઈ ગયો છે. આ સમાચારે વર્તમાન IPL ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર માટે પણ મોટી મુશ્કેલી ઉભી કરી છે.

ભારત A દક્ષિણ આફ્રિકા A સામે ચાર દિવસીય ટેસ્ટ મેચ રમી રહ્યો હતો. ત્યારે IPL ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના કેપ્ટન રજત પાટીદારને ગંભીર ઈજા થઈ હતી. મીડિયા અહેવાલો અનુસાર, પાટીદાર લગભગ ચાર મહિના માટે સાઈડલાઈન થઈ ગયો છે. પાટીદારે પ્રથમ ઈનિંગમાં ૧૯ રન અને બીજી ઈનિંગમાં ૨૮ રન બનાવ્યા હતા. પાટીદારે સતત પ્રદર્શન સાથે વાપસી માટે પોતાનો દાવો મજબૂત બનાવ્યો હતો. પાટીદાર હવે સમગ્ર સ્થાનિક સિઝન માટે બહાર છે. રજત પાટીદારે ૨૦૨૫-૨૬ રણજી ટ્રોફીની પોતાની પહેલી મેચમાં મધ્યપ્રદેશ માટે બેવડી સદી ફટકારી હતી. પાટીદારે અગાઉ દુલીપ ટ્રોફી, ઈરાની ટ્રોફી અને ઈન્ડિયા એ માટે બેટથી સારું પ્રદર્શન કર્યું છે. IPL વિજેતા કેપ્ટન બનવાથી પાટીદારનું કદ પહેલાથી જ ઊંચું થઈ ગયું છે. જો કે, RCB આશા રાખે છે કે પાટીદાર માર્ચ પહેલા સંપૂર્ણપણે ફિટ થઈ જાય. ગત સિઝનમાં રજત ઈજાને કારણે કેટલીક મેચો ચૂકી ગયો હતો, જે દરમિયાન જીતેશ શર્માએ RCBની કમાન સંભાળી હતી.

### પકડાયેલા આરોપીઓમાંથી એક MBBS ડૉક્ટર છે

# ATS એ દેશભરમાં પોઇઝન એટેક કરવાના ષડયંત્રનો પર્દાફાશ કર્યો

**ATSએ પકડેલા આતંકીની તપાસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે, આતંકી ઘટનાને અંજામ આપે તે પહેલાં જ દબોચી લેવામાં આવ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૦૯**

ગુજરાત એન્ટી-ટેરરિસ્ટ સ્કવોડ (ATS) એ અમદાવાદમાંથી આતંકી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા ત્રણ શખ્સોની ધરપકડ કરીને દેશભરમાં પોઈઝન એટેક (ઝેર દ્વારા હુમલો) કરવાના મોટા ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે. પકડાયેલા આરોપીઓમાંથી એક MBBS ડૉક્ટર છે, જે ઝેરી કેમિકલમાંથી અત્યંત ઘાતક ઝેર બનાવવાની ફિરાકમાં હતો.

ઝડપાયેલો મુખ્ય આરોપી હૈદરાબાદનો રહેવાસી ડૉ.અહમદ સૈયદ ઝીલાની (અબુ ખદીજા) છે. તે ચાઈનાથી MBBSની ડિગ્રી મેળવનાર ડોક્ટર છે. ઝીલાની ૬ તારીખે હૈદરાબાદથી અમદાવાદ આવ્યો હતો અને તેની ધરપકડ અડાલજ ટોલનાકા પાસેથી કરવામાં આવી હતી. ઝીલાની પર રાયઝિન (Ricin) નામનું જીવલેણ ઝેર બનાવવાની પ્રક્રિયા શરૂ કરવાનો અને મોટા આતંકી હુમલાઓ કરવાની ફિરાકમાં હોવાની આશંકા છે. આ ઝેર ખૂબ ઓછી માત્રામાં પણ મોટી સંખ્યામાં લોકોને મારવાની ક્ષમતા ધરાવે છે. સામાન્ય રીતે આ ઝેર પાવડર સ્વરૂપે હોય છે અને તેને પાણી, હવા અથવા ઈન્જેક્શન દ્વારા આપી શકાય છે. ધરપકડ પહેલા ડોક્ટર આતંકી અમદાવાદમાં લાલદરવાજા ઉતરીને લકી હોટલ સામે રોકાયો હતો.

ઉત્તર પ્રદેશના મોહમ્મદ સુહેલ અને આઝાદ સુલેમાન શેખ (આઝાદ સૈફી)ની બનાસકાંઠાથી ધરપકડ કરવામાં આવી છે. સુહેલ અને આઝાદ ઉત્તર પ્રદેશથી ૩ વેપન, ૩૦ કારતૂસ અને જીવલેણ કેમિકલ પ્રવાહી લાવ્યા હતા. આ બંને શખ્સોએ આ હથિયારો કલોલ ખાતે એક અવાવરુ જગ્યાએ છુપાવ્યા હતા, જે બાદમાં હૈદરાબાદના ડોક્ટર આતંકી ઝીલાનીએ રીસીવ કર્યા હતા. આ હથિયારો રાજસ્થાનના સરહદી જિલ્લાઓમાંથી મેળવવામાં આવ્યા હતા, અને પાકિસ્તાનથી ડ્રોન મારફતે મોકલાયા હોવાની આશંકા છે.

પકડાયેલા આરોપીઓનો ઝુકાવ ISKP (Islamic State – Khorasan Province) નામના આતંકી સંગઠન તરફ જોવા મળે છે. અહમદ મોહિઉદ્દીન ઝીલાનીએ છેલ્લા એક વર્ષથી દિલ્હી, મુંબઈ અને લખનૌની રેકી કરી હોવાના પુરાવા મળ્યા છે. અન્ય બે શકમંદોએ પણ સંવેદનશીલ સ્થળોની રેકી કરી હતી. આ આતંકીઓનો ઈરાદો ભારતમાં મોટી સંખ્યામાં લોકોને નુકસાન પહોંચાડવાનો હતો અને મોટા આતંકી હુમલા કરવાની ફિરાકમાં હતો. ભારતમાં પહેલી વખત પોઈઝન એટેક કરવાનું આ કાવતરું હતું.









અમદાવાદ, દિલ્હી, મુંબઈ, લખનૌ અને જમ્મુ-કાશ્મીરના સંવેદનશીલ વિસ્તારો તેમની રેકી અને હુમલાના નિશાના પર હતા. ઝીલાની ઘણા વિદેશી લોકોના સંપર્કમાં હતો. હથિયારો છુપાવ્યાનું લોકેશન પણ આરોપીઓએ તેમના વિદેશી હેન્ડલરને મોકલ્યું હતું, જે અબુ ખદીજા નામના શખ્સ હોવાની અને તે પાકિસ્તાન અથવા અફઘાનિસ્તાનથી ઓપરેટ કરતો હોવાની આશંકા છે. હાલમાં, ગુજરાત ATS દ્વારા આ સમગ્ર આતંકી મોડ્યુલના સ્થાનિક જોડાણો અને વધુ વિગતો જાણવા માટે સઘન તપાસ ચલાવવામાં આવી રહી છે.

### ૯૮મા જન્મદિવસની શુભેચ્છાઓ આપી આશીર્વાદ લીધા

## વડાપ્રધાન મોદી લાલકૃષ્ણ અડવાણીના ઘરે પહોંચ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે સાંજે બીજેપીના વરિષ્ઠ નેતા અને ભારત રત્ન લાલકૃષ્ણ અડવાણી સાથે તેમના આવાસ પર મુલાકાત કરી અને જન્મદિવસની શુભકામનાઓ આપી. પીએમ મોદી હાલ બિહાર ચૂંટણી અભિયાનમાં વ્યસ્ત છે, પરંતુ પોતાના વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય કાઢીને તે સાંજે દિલ્હી પરત ફર્યા અને સીધા અડવાણીના ઘરે પહોંચ્યા. પીએમ મોદીએ આ તકે અડવાણીના આશીર્વાદ લીધા અને તેમના વ્યક્તિગત તેમજ રાજનૈતિક માર્ગદર્શન માટે આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે, અડવાણીજી પોતાના સૈદ્ધાંતિક જીવન, અટલ નિષ્ઠા અને રાષ્ટ્રવાદી વિચારસરણીથી દેશની રાજનીતિને નવી દિશા આપી છે.

લાલકૃષ્ણ અડવાણી રવિવારે ૯૮ વર્ષના થયા છે. તેમણે તેમની દાયકાઓ લાંબી રાજકીય કારકિર્દીમાં માત્ર ભાજપને નવી ઓળખ આપી નથી, પરંતુ ભારતીય લોકતંત્રમાં વિચારધારા આધારિત રાજકારણની મજબૂતીની પાયાની રચના પણ કરી છે. આ પહેલા પીએમ મોદીએ પૂર્વ ઉપપ્રધાનમંત્રી લાલકૃષ્ણ અડવાણીને સોશિયલ મીડિયા દ્વારા જન્મદિવસની શુભેચ્છા આપી હતી. તેમને આ વર્ષે ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા છે.

પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું, "લાલકૃષ્ણ અડવાણીજીને તેમના જન્મદિવસ પર હાર્દિક શુભકામનાઓ. મહાન દ્રષ્ટિ અને તીક્ષ્ણ બુદ્ધિ ધરાવતા રાજનેતા અડવાણીજીનું જીવન ભારતની પ્રગતિને મજબૂત બનાવવા માટે સમર્પિત રહ્યું છે." પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, "તેમણે નિસ્વાર્થ ફરજ અને દઢ સિદ્ધાંતોની ભાવનાને હંમેશા અપનાવી છે. તેમના યોગદાનએ ભારતના લોકતંત્ર અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય પર અમિટ છાપ છોડી છે. ઈશ્વર તેમને ઉત્તમ આરોગ્ય અને દીર્ઘાયુ પ્રદાન કરે."

## રાન્યા રાવ ગોલ્ડ સ્મગલિંગ કેસના આરોપી એક્ટર તરુણને જેલમાં VIP ટ્રીટમેન્ટ

**તરુણ પાસે જેલમાં ટીવી-મોબાઈલની સાથે ખાસ સુવાની વ્યવસ્થા, ખોરાક અને મનોરંજનના સાધન ઉપલબ્ધ છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

રાન્યા રાવ ગોલ્ડ સ્મગલિંગ કેસમાં પકડાયેલો એક્ટર તરુણને જેલમાં ખાસ સુવિધા મળી રહી હોવાનું સામે આવ્યું છે. તરુણને જેલમાં મોબાઈલ, ટેલિવિઝન અને અન્ય સુવિધા ઉપલબ્ધ કરાતી હોવાનું જણાય છે. સૂત્રોના જણાવ્યા મુજબ, તરુણ પાસે જેલમાં ટીવી-મોબાઈલની સાથે ખાસ સુવાની વ્યવસ્થા, ખોરાક અને મનોરંજનના સાધન ઉપલબ્ધ છે. આ ઘટનાને લગતો એક વીડિયો પણ સામે આવ્યો છે. તમને જણાવી દઈએ કે, આ ગોલ્ડ સ્મગલિંગનો મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે તપાસ એજન્સીઓએ ખુલાસો કર્યો કે એક વરિષ્ઠ IPS અધિકારીની પુત્રી રાન્યા રાવે ૨૦૨૩ થી ૨૦૨૫ દરમિયાન દુબઈની ૫૦ થી વધુ યાત્રાઓ કરી હતી. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે, રાન્યા આ પ્રવાસ દરમિયાન ગોલ્ડ સ્મગલિંગમાં સામેલ હતી.

આ દરમિયાન તેલુગુ એક્ટર તરુણ પર આરોપ લાગ્યો હતો કે, તેને રાન્યાને ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્મગલિંગ નેટવર્ક સાથે જોડાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. જેમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલી ઈવેન્ટ અને પાર્ટીના માધ્યમથી સંપર્ક થયો હતો.

કન્નડ અભિનેત્રી રાન્યા રાવની ૩ માર્ચે બેંગલુરુના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ૧૪.૮ કિલો સોના સાથે ધરપકડ કરી હતી. આ કેસમાં ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)એ મોટી કાર્યવાહી કરીને રાન્યાની સાથે સાહિલ જૈન અને તરુણ રાજુની પણ બેંગલુરુથી ધરપકડ કરી હતી. સાહિલે ગોલ્ડ સ્મગલિંગમાં પૈસાનો નિકાલ કરવામાં મદદ કરી હતી. તે કર્ણાટકના બલ્લારીનો રહેવાસી છે.

રાન્યા રાવ કર્ણાટકના વરિષ્ઠ પોલીસ અધિકારી કે રામચંદ્ર રાવની સાવકી પુત્રી છે. પૂછપરછ બાદ, તેમના નિવાસસ્થાને દરોડો પાડવામાં આવ્યા હતા, જ્યાંથી ૨.૦૬ કરોડ રૂપિયાના સોનાના દાગીના અને ૨.૬૭ કરોડ રૂપિયાની રોકડ મળી આવી હતી. આ કેસમાં તરુણ રાજુ પર ગોલ્ડ સ્મગલિંગમાં રાન્યા રાવને મદદ કરવાનો આરોપ હતો. તમને જણાવી દઈએ કે, વર્ષ ૨૦૧૮માં રીલિઝ કરવામાં આવેલી તેલુગુ ફિલ્મના શૂટિંગ અને પ્રમોશન દરમિયાન તરુણની મુલાકાત રાન્યા રાવ સાથે થઈ હતી. આ પછી ગોલ્ડ સ્મગલિંગના નેટવર્કની શરૂઆત થઈ હોવાનું માનવામાં આવે છે.

### મોહન ભાગવતનું મોટું નિવેદન

## પાકિસ્તાન વારંવાર માહોલ બગાડવાનો પ્રયાસ કરે છે




(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવભર્યા સંબંધો વચ્ચે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના પ્રમુખ મોહન ભાગવતે પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા છે.

તેમણે સ્પષ્ટ કહ્યું કે, ભારત હંમેશા શાંતિ માટે પહેલ કરે છે, પરંતુ પાકિસ્તાન વારંવાર માહોલ બગાડવાનો પ્રયાસ કરે છે. બેંગલુરુમાં '૧૦૦ સાલ કી સંઘ યાત્રા - નયે ક્ષિતિજ' કાર્યક્રમમાં સંબોધતી વખતે ભાગવતે પાકિસ્તાનને ચેતવણી આપી કે, ભારત દરેક પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર છે.

તેમણે કહ્યું કે, 'ભારત હંમેશા પાકિસ્તાન સાથે શાંતિ ઈચ્છે છે, પરંતુ પાકિસ્તાન તેની કદર કરતું નથી. ભારત હંમેશા શાંતિ ઈચ્છે છે, પરંતુ પાકિસ્તાન ભારતને નુકસાન પહોંચાડવાની મજાને જ શાંતિ સમજે છે. ભારત તરફથી ઝઘડાની શરૂઆત ન થવી જોઈએ. પરંતુ જો પાકિસ્તાન કરાર તોડશે તો તેને સફળતા નહીં મળે. પાકિસ્તાન જેટલો પ્રયાસ કરશે, તેટલું તેને જ નુકસાન થશે.'

RSS પ્રમુખે કહ્યું કે, પાકિસ્તાનને ભારતની શાંતિની ભાષા સમજાતી નથી, તેથી તેને તેની જ ભાષામાં જવાબ આપવો પડશે, જે તે સમજે છે. પાકિસ્તાન સમજતું નથી કે, તેઓ ભારતનું કશું બગાડી શકે તેમ નથી. તેથી આપણે તે ભાષા બોલવી પડશે, જે પાકિસ્તાનને સમજાય.'

ભાગવતે ૧૯૭૧ના યુદ્ધને યાદ કરતા કહ્યું કે, જ્યારે પાકિસ્તાને હુમલો કર્યો હતો, ત્યારે તેને મોટી હારનો સામનો કરવો પડ્યો હતો. તે સમયે પાકિસ્તાને ૯૦,૦૦૦ સૈનિકોની આખી સેના ગુમાવી હતી. જો તે આવી હરકતો ચાલુ રાખશે, તો તેને ફરીથી પાઠ મળશે.'

ભાગવતે ભારતને સાવચેત રહેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે સલાહ આપી કે, 'આપણે પાકિસ્તાનના દરેક પ્રયાસ માટે તૈયાર રહેવું પડશે. દરેક વખતે તેને પછતાવો થાય, તેવો જડબાતોડ જવાબ આપવો પડશે. એક દિવસ પાકિસ્તાનને સમજાશે કે સહયોગમાં જ તેની ભલાઈ છે.'

## પ. બંગાળમાં ઘરે ઘરે જવાની જગ્યાએ ચાની દુકાન પર ફોર્મ વિતરણ કરતા ૮ BLOને નોટિસ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૦૯**

ચૂંટણી પંચે શનિવારે બંગાળમાં ૮ બૂથ લેવલ અધિકારીઓ (BLO)ને કારણ બતાઓ નોટિસ ફટકારી હતી, કારણ કે, તેઓ મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)માટે ઘરે ઘરે જવાની જગ્યાએ ચાની દુકાનો, સ્થાનિક ક્લબ અને અન્ય સ્થળોએથી ફોર્મનું વિતરણ કરી રહ્યા હતા. આ માહિતી અધિકારીઓએ આપી છે.

ચૂંટણી પંચે રાજ્યમાં SIRની કવાયત દરમિયાન પ્રક્રિયાઓનું કડક પાલન થાય તે સુનિશ્ચિત કરવા માટે નવા નિર્દેશો પણ જારી કર્યા છે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયના અધિકારીઓએ કહ્યું કે, ચૂંટણી પંચે રાજ્ય અધિકારીઓને બિહાર મોડેલનું પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે, જેના હેઠળ BLOને મતદારોના ઘરે જઈને ફોર્મ વિતરણ અને એકત્રિત કરવાની જરૂર હોય છે.

તમને જણાવી દઈએ કે, મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા હેઠળ ઓનલાઈન મતગણતરી ફોર્મ સબમિટ કરવા માટે મતદાર ઓળખ કાર્ડની સાથે મોબાઈલ નંબર અથવા ઈમેલ આઈડી લિંક હોવી જરૂરી છે. ચૂંટણી પંચે એક નોટિફિકેશન જારી કરીને જણાવ્યું કે, જો મોબાઈલ નંબર અથવા ઈમેલ આઈડી લિંક ન હોય તો ઓનલાઈન ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

ચૂંટણી પંચ ઘરે-ઘરે જવાને બદલે ગમે-ત્યાં મતગણતરી ફોર્મનું વિતરણ કરતા બૂથ-લેવલ અધિકારીઓ (BLO)ને કારણ બતાઓ નોટિસ ફટકારી છે. આઠ બૂથ-લેવલ અધિકારીઓ (BLO)ને કારણ બતાઓ નોટિસ ફટકારવામાં આવી છે.

# અફઘાનિસ્તાન સાથેની પાક.ની શાંતિ મંત્રણા અંતે નિષ્ફળ રહી

## મધ્યસ્થી કરનારા તુર્કી અને કતાર પણ નિરાશ થયા : હવે ચોથા ચરણની મંત્રણા યોજાવાની નથી : આતંકવાદ મુદ્દે અફઘાનિસ્તાન-પાક. વચ્ચે કોઈ સમજૂતી સધાઈ નહીં



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

પાકિસ્તાન અફઘાનિસ્તાન વચ્ચેની શાંતિ મંત્રણા ફરી નિષ્ફળ રહી છે. બંને દેશો વચ્ચે ત્રીજા દોરની મંત્રણા તુર્કીએ અને કતારની મધ્યસ્થીને લીધે ઈસ્તંબુલમાં ચાલી રહી હતી.

પાકિસ્તાનનું કહેવું હતું કે, તે આતંકવાદના મુદ્દે કોઈ બાંધછોડ નહીં કરે, તેણે અફઘાનિસ્તાન માટે તેહરિક-એ-તાલિબાન પર લગામ મુકવા, લેખિત પ્રતિબદ્ધતાની માંગણી કરી, જેનો અફઘાનિસ્તાને સ્પષ્ટ ઈન્કાર કર્યો. જો કે, તેણે મૌખિક ખાતરી આપી કે, તે તેની ભૂમિનો ઉપયોગ આતંકવાદ માટે નહીં કરવા દે. બીજી તરફ પાકિસ્તાને લેખિત ગેરન્ટી માટે આગ્રહ રાખ્યો હતો. તે સામે અફઘાનિસ્તાને કહ્યું કે, તમને અમારા શબ્દોમાં વિશ્વાસ નથી. અફઘાન કદી બોલ્યા પછી ફરતો નથી છતાં પાકિસ્તાને લેખિત ગેરન્ટી માંગતા મંત્રણા પડી ભાંગી હતી.

પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસીફે પત્રકારોને જણાવ્યું હતું કે, બંને દેશોની મંત્રણા પડી ભાંગી છે. હવે ચોથો દોર યોજાવાનો છે. ગુરૂવારે બંને દેશો વચ્ચે મંત્રણા શરૂ થઈ હતી. પાકિસ્તાનની માંગણી હતી કે, અફઘાનિસ્તાન લેખિતમાં જણાવે છે કે, તે તહેરિક-એ-તાલિબાન-એ પાકિસ્તાન (ટી.ટી.પી.) સામે પગલા લેશે. જેની અફઘાન પ્રતિનિધિઓએ સ્પષ્ટ ના કહી પરિણામે મંત્રણા પડી ભાંગી મધ્યસ્થી કરનારા દેશો તુર્કી અને કતાર પણ નિરાશ થયા છે. પરંતુ આ મંત્રણા યોજવા માટે આસીફે તુર્કી અને કતારનો આભાર પણ માન્યો હતો. તેમણે કહ્યું કે, બંને દેશોએ પોતાની તરફથી પ્રયત્નો કરવામાં કોઈ કમી રાખી ન હતી. જો તેઓ આશાવાદી હોત તો અમને રોકાવાનું પણ કહ્યું હોત, કાબુલના સ્ટેન્ડથી તેઓ પણ નિરાશ થયા છે. જો કે, પાકિસ્તાનનું સ્ટેન્ડ તો યથાવત્ છે તે આતંકીઓને આશ્રય નહીં આપવા માટે અફઘાનિસ્તાનને અનુરોધ કરી જ રહ્યું છે.

ગયા મહિને ઈસ્લામાબાદ અને કાબુલ વચ્ચેની તંગદિલી કમ કરવા માટે ઈસ્તંબુલમાં મંત્રણા શરૂ થઈ હતી તેમાં મહત્ત્વનો મુદ્દો ડુરાંડ લાઈનનો હતો અફઘાનિસ્તાન તે સ્વીકારવા તૈયાર નથી. બ્રિટીશ શાસન નીચેના અખંડ હિંદુસ્તાન બંને દેશો વચ્ચે ડુરાંડ નામના ઈજનેરે તે રેખા દોરી હતી, જે અત્યારે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે છે. તાલિબાનો તે સ્વીકારવા તૈયાર નથી. પાકિસ્તાન તે માટે આગ્રહી છે. બંને દેશો વચ્ચે મતભેદનો આ મહત્ત્વનો મુદ્દો છે. આતંકવાદનો મુદ્દો સેકન્ડરી છે તેમ તાલિબાનો માને છે તેથી મંત્રણા આગળ વધતી ન હતી.

પાકિસ્તાન-અફઘાનિસ્તાન વચ્ચે ૧૧થી ૧૫ ઓક્ટોબર તેમ બે વખત સંઘર્ષ થયો હતો બંનેના કેટલાયે માણસો માર્યા ગયા હતા. જો કે, પછીથી અસ્થાયી યુદ્ધવિરામ થયો છે જે હજી ચાલુ છે.

# હરિયાણા-પંજાબના બે મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટરની અમેરિકા અને જ્યોર્જિયાથી ધરપકડ કરાઈ

## વેંકટેશ ગર્ગની જ્યોર્જિયામાં ધરપકડ : અમેરિકામાં કુખ્યાત ગુનેગાર ભાનુ રાણાની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૦૯**

સુરક્ષા એજન્સીઓ અને હરિયાણા પોલીસે એક મોટી સફળતા મેળવી છે. વિદેશી ધરતી પર ગેંગસ્ટરો સામેના ઓપરેશનમાં ભારતના બે મોસ્ટ વોન્ટેડ ગુનેગારો, વેંકટેશ ગર્ગ અને ભાનુ રાણાને જ્યોર્જિયા અને અમેરિકામાં અટકાયતમાં લેવામાં આવ્યા છે. બંને પર હરિયાણા અને પંજાબમાં અનેક ગંભીર આરોપો છે. બંને ગેંગસ્ટરો પર ભારતમાં અનેક ગંભીર ગુનાહિત આરોપો છે. તેમની સામે હરિયાણા અને પંજાબમાં અનેક કેસ નોંધાયેલા છે. સરકાર વિદેશમાં છુપાયેલા ગેંગસ્ટરો સામે કાર્યવાહી કરી રહી છે.

હરિયાણાના કુખ્યાત ગેંગસ્ટર વેંકટેશ ગર્ગની જ્યોર્જિયામાં અટકાયત કરવામાં આવી છે. તેને ભારત લાવવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. અહેવાલો અનુસાર, વેંકટેશ ગર્ગને ખૂબ જ ટૂંક સમયમાં જ્યોર્જિયાથી ભારત પ્રત્યાર્પણ કરવામાં આવશે. હરિયાણા પોલીસ અધિક્ષકની આગેવાની હેઠળની એક ખાસ ટીમ તેને ભારત પરત લાવવા માટે જ્યોર્જિયા પહોંચી છે.

વેંકટેશ ગર્ગ પર હરિયાણા અને પંજાબમાં અનેક ગંભીર આરોપો છે અને તે વિદેશ ભાગી ગયા પછી લાંબા સમયથી સક્રિય છે. તે કુખ્યાત ગેંગસ્ટર કપિલ સાંગવાન ઉર્ફે નંદુની ગેંગ સાથે સંકળાયેલો છે.

હરિયાણાના કુખ્યાત ગેંગસ્ટર ભાનુ રાણાની અમેરિકામાં અટકાયત કરવામાં આવી છે. ભાનુ રાણાને ટૂંક સમયમાં ભારત મોકલવામાં આવશે. આ ધરપકડ ભારતમાંથી મળેલા ઈનપુટ્સના આધારે કરવામાં આવેલા આંતરરાષ્ટ્રીય ઓપરેશનનો એક ભાગ છે. ભાનુ રાણાનું નેટવર્ક હરિયાણા અને પંજાબમાં સક્રિય રહ્યું છે, અને તેની સામે અનેક ગંભીર કેસ નોંધાયેલા છે.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, ભાનુ રાણા લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલો છે. તેનું નેટવર્ક હરિયાણા, પંજાબ અને દિલ્હી સુધી ફેલાયેલું છે. પંજાબમાં થયેલા ગ્રેનેડ હુમલાની તપાસમાં તેનું નામ સામે આવ્યું હતું. તપાસ એજન્સીઓના જણાવ્યા અનુસાર, અમેરિકામાં તેના કેટલાક સંપર્કો આ નેટવર્ક સાથે જોડાયેલા છે. પોલીસે અત્યાર સુધીમાં ભાનુ રાણાના ઘણાં સાગરીતની ધરપકડ કરી છે. તેની સામે અનેક કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે.

# જાપાનમાં ૬.૮ની તીવ્રતાનો મોટો ભૂકંપ, સુનામીનું એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ટોકિયો, તા.૦૯**

જાપાનના પૂર્વ કિનારા પર રવિવારે (નવમી નવેમ્બર)ના રોજ ૬.૮ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો, જેના પગલે જાપાન હવામાન એજન્સી (JMA) દ્વારા તાત્કાલિક સુનામીનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ ઈવાતે પ્રાંતના યમાદા શહેરથી ૧૨૬ કિલોમીટર પૂર્વમાં માત્ર ૧૦ કિલોમીટરની છીછરી ઊંડાઈએ નોંધાયું હતું.

અહેવાલો અનુસાર, સ્થાનિક સમય મુજબ સાંજે આશરે ૫:૦૩ વાગ્યે આ ભૂકંપ આવ્યો હતો. તેનું કેન્દ્ર ઉત્તર પેસિફિક મહાસાગરમાં ઈવાતે પ્રાંત નજીક હતું. ભૂકંપ એટલો ભયંકર હતો કે આસપાસના દરિયાકાંઠાના વિસ્તારોમાં જોરદાર ધ્રુજારી અનુભવાઈ હતી. મિયાકો અને યમાડા જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં લગભગ ૧ મીટર ઊંચા મોજાં આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી, જેના કારણે ચેતવણી જાહેર કરીને લોકોને સુરક્ષિત સ્થળોએ ખસી જવા માટે જણાવાયું હતું. જો કે, સદનસીબે, તાત્કાલિક કોઈ મોટું નુકસાન થયું નથી. અત્યાર સુધીમાં કોઈ મૃત્યુ કે ઈજાના અહેવાલ મળ્યા નથી.

જાપાન વિશ્વના સૌથી વધુ સક્રિય ભૂકંપીય ક્ષેત્રમાં સ્થિત છે, જેને 'રિંગ ઓફ ફાયર' તરીકે ઓળખવામાં આવે છે. આ વિસ્તારમાં ભૂકંપ આવવા સામાન્ય છે. આ પ્રદેશમાં પેસિફિક પ્લેટ (ટેક્ટોનિક પ્લેટ) ઓખોત્સ્ક પ્લેટની નીચે ધસી રહી છે. પ્લેટો વચ્ચે અચાનક ઘર્ષણ થવાથી ઉર્જા મુક્ત થાય છે અને ભૂકંપ આવે છે.

વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ વિસ્તાર ખૂબ જ સક્રિય હોવાથી અહીં મોટા ભૂકંપનું જોખમ હંમેશા રહે છે. જોકે, ભૂકંપની ચોક્કસ તારીખ અને સમય નક્કી કરવો મુશ્કેલ છે.

### હાફિઝ સઈદની નવી ચાલનો વીડિયો વાયરલ

# બાંગ્લાદેશના રસ્તે ભારત ઉપર હુમલાની તૈયારી?

## આ વીડિયોમાં કહેવામાં આવ્યું છે કે બાંગ્લાદેશમાં સ્થાનિક યુવાનોને જિહાદ માટે ઉશ્કેરવામાં આવી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઈસ્લામાબાદ, તા.૦૯**

લશ્કર-એ-તૈયબાના એક કમાન્ડર સૈફુલ્લાહ સૈફે એક વીડિયોમાં કહ્યું છે કે હાફિઝ સઈદ હવે બાંગ્લાદેશના રસ્તે ભારત પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યો છે.

આ વીડિયો ૩૦ ઓક્ટોબરના રોજ પાકિસ્તાનના ખૈરપુર તમીવાલીમાં યોજાયેલી રેલીનો હોવાનું કહેવાય છે. વીડિયોમાં લશ્કર કમાન્ડર સૈફુલ્લાહ સૈફ સ્પષ્ટપણે બોલતો જોવા મળે છે કે "હાફિઝ સઈદ ચૂપ બેઠો નથી, તે બાંગ્લાદેશના રસ્તે ભારત પર હુમલાની તૈયારી કરી રહ્યો છે." તેણે દાવો કર્યો કે પૂર્વીય પાકિસ્તાન એટલે કે બાંગ્લાદેશમાં તેના લોકો સક્રિય છે અને ભારતને જવાબ આપવા માટે તૈયાર છે. રેલી દરમિયાન સૈફુલ્લાહે જણાવ્યું કે એક સહયોગીને બાંગ્લાદેશ મોકલવામાં આવ્યો છે, જે ત્યાંના સ્થાનિક યુવાનોને જિહાદના નામે તૈયાર કરી રહ્યો છે અને તેમને આતંકવાદી તાલીમ આપી રહ્યો છે. બાંગ્લાદેશ હવે એક પ્રકારનું "લોન્ચપેડ" બની રહ્યું છે, જેનો ઉપયોગ ભારત વિરુદ્ધ ષડયંત્રો માટે થઈ શકે છે.

વીડિયોમાં બાળકોની હાજરી પણ જોવા મળે છે. સૈફુલ્લાહના ભાષણ દરમિયાન અનેક બાળકો પણ હાજર હતા, જેનાથી એવો સંદેશ ગયો કે કેટલાક આતંકવાદી સંગઠનો બાળકોને પણ મોટા-નાના કરીને પોતાના એજન્ડા માટે ઉપયોગ કરી રહ્યા છે. વીડિયોના આધારે એવો આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે પાકિસ્તાની આતંકવાદી સંગઠનો બાળકોને જિહાદી વિચારો તરફ વાળી રહ્યા છે.

સૈફુલ્લાહે પોતાના ભાષણમાં પાકિસ્તાની સેનાની પ્રશંસા પણ કરી અને કહ્યું કે ૯-૧૦ મેની રાત પછી પાકિસ્તાને જવાબ આપ્યો, જ્યારે અમેરિકા અને બાંગ્લાદેશ પણ કથિત રીતે પાકિસ્તાનની નજીક આવી રહ્યા છે - આ પણ તેના દાવાનો ભાગ રહ્યો.



### ઈન્ડિયાની વીમેન્સ ક્રિકેટ ટીમની વર્લ્ડ કપ જીતના માનમાં ફિલ્મ ફરી રિલીઝ

# અભિષેક બચ્ચન અને સૈય્યામી ખેરની ઘૂમર રી-રિલીઝ કરાશે




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૯**

હજુ પણ ભારત દેશ ઈન્ડિયન ક્રિકેટ ટીમની વર્લ્ડ કપ જીતની ખુશી મનાવી રહ્યો છે, ત્યારે હવે ક્રિકેટનો જુસ્સો અને તેનાથી અનેકને પ્રેરણા આપતી ફિલ્મ ઘૂમર મોટા પડદે પાછી ફરી રહી છે. આર બાલકીની આ વખણાયેલી ફિલ્મ વર્લ્ડ કપની જીતના માનમાં ફરી આવશે. અભિષેક અને સૈય્યામીની આ ફિલ્મ 'ઘૂમ્મર' ૧૮ ઓગસ્ટ, ૨૦૨૩ના દિવસે રિલીઝ થઈ હતી. જેમાં એક એવી મહિલા ખેલાડીની વાત છે, પોતાની શારિરીક ખામીઓનો સામનો કરીને એક કડક કોચ હેઠળ તાલીમ લે છે, જે તેને હાર માનવા દેતાં નથી. આર બાલકીએ ડિરેક્ટ કરેલી અને રાકેશ ઝુંઝુંવાલા, અભિષેક બચ્ચન, ગૌરી શીંદે, રમેશ પુલપકા અને અનિલ નાઈડુ એ પ્રોડ્યુસ કરેલી આ ફિલ્મ મુસીબત સામે ટકી રહેવાની, યોગ્ય માર્ગદર્શન અને તાલીમ અને અતૂટ જુસ્સાની વાત કરે છે, જે વાત ભારતીય ક્રિકેટના દિલમાં રહેલી છે.




આર બાલકીએ ફિલ્મની રિ-રીલીઝ અંગે વાત કરતાં કહ્યું, "હું ખુબ ખુશ છું કે આપણી મહિલા ક્રિકેટર્સની અમુલ્ય સિદ્ધીની ઉજવણી કરવા માટે ઘૂમર ફરી રીલીઝ થઈ રહી છે. ઘૂમર હંમેશાથી મહિલા ક્રિકેટ અને મહિલા ક્રિકેટર્સના જુસ્સાને ઉજવતી ફિલ્મ હતી. આ ફિલ્મ જ્યાં શૂટ થઈ હતી, ત્યાં જ ટીમે આ યાદગાર જીત મેળવી છે. બે મેટ, એક કહાની, એક હકિકત, એક જ પીચ પર. હું દર્શકોના એ પ્રતિભાવ ફરી જોવા આતુર છું." આ ફિલ્મનો સંદેશ પહેલા કરતાં આજે વધુ મજબુત અને અસરકારક લાગે છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ઐતિહાસિક વર્લ્ડ કપ જીત પણ ઘૂમરના આત્મામાં સાંભળાય છે, તેનો દૃઢનિશ્ચય, શિસ્ત અને દરેક મર્યાદાઓથી ઉપર ઉઠવાની વાત તેમાં રહેલી છે.

### વિરાટની રમતની શૈલીની પ્રશંસા કરી

# વિરાટ કોહલી અભિનેત્રી શહેનાઝ ગિલનો ચાહિતો છે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૯**

વિરાટ કોહલીના ચાહકોની લીસ્ટમાં અભિનેત્રી-ગાયિકા શહેનાઝ ગિલનું નામ પણ ઉમેરાયું છે. તાજેતરનાં પોડકાસ્ટમાં, શહેનાઝે વિરાટ કોહલી પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કર્યો હતો અને તેની રમતની શૈલીની પ્રશંસા કરી હતી.

રણવીર અલ્હાબાદના ટૂંક સમયમાં રિલીઝ થનારા પોડકાસ્ટના ટીઝરમાં શહેનાઝ ગિલ ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીના વખાણ કરતી જોવા મળી હતી. તેણે કહ્યું કે, વિરાટના કારણે જ તેણે ક્રિકેટ જોવાનું શરૂ કર્યું. તેણે કહ્યું કે, મેં વિરાટ કોહલીના કારણે ક્રિકેટ જોવાનું શરૂ કર્યું. તેણે વધુમાં કહ્યું કે, તેને વિરાટની રમવાની શૈલી ગમે છે, તેને એટિટ્યૂડ ગમે છે, જેમ કે મિડલ ઓર્ડરમાં આવી રમવું. એ જ રીતે આખી દુનિયા વિરાટ કોહલીને પસંદ કરી રહી છે. તાજેતરમાં જ અભિનેત્રીને પૂછવામાં આવ્યું હતુ કે તે કોને ડેટ કરશે, કોની સાથે હેંગઆઉટ કરશે અને રોહિત શર્મા, વિરાટ કોહલી અને હાર્દિક પંડ્યાથી તે કોને છોડશે. આ અંગે અભિનેત્રીએ પહેલાં તો કોઈની પસંદગી કરવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે તે બધાં ખૂબ જ સન્માનિત છે. પરંતુ બાદમાં થોડી વિરામ બાદ તેણે કહ્યું કે, વિરાટ કોહલી સાથે ડેટ, હેંગઆઉટ અને ડિચ્સ બધું જ છે. 'બિગ બોસ' અને પંજાબી ફિલ્મ 'હૌસલા રાખ'માં અભિનય માટે જાણીતી ગાયક-અભિનેત્રી તેની તાજેતરની ફિલ્મ 'ઈક કુડી'થી ચાહકોનું મનોરંજન કરી રહી છે. આ ફિલ્મ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ મોટા પડદા પર આવી હતી.

### ખુશી સાથે કરિશ્મા તન્ના સ્ક્રીન શેર કરશે

# ખુશીએ મમ્મી શ્રીદેવીની મોમ ફિલ્મની સીકવલનું શૂટિંગ શરૂ કર્યુ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૯**



શ્રીદેવીની છેલ્લી ફિલ્મ 'મોમ'ની સીકવલનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. ફિલ્મમાં ખુશી મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. કરિશ્મા તન્ના પણ તેની સાથે સ્ક્રીન શેર કરી રહી છે. જોકે, શ્રીદેવીના ચાહકો ખુશીની પસંદગીથી નાખુશ છે. ખુશી 'આર્ચીઝ' કે 'નાદાનિયાં' જેવી ફિલ્મો દ્વારા એક્ટિંગમાં વામણી પુરવાર થઈ ચૂકી છે. ચાહકોને ડર છે કે શ્રીદેવીની અંતિમ યાદગીરી સમાન ફિલ્મની સીકવલમાં ખુશીની કંગાળ એક્ટિંગ આગલી ફિલ્મની ગુડવિલને પણ નુકસાન પહોંચાડશે. સંખ્યાબંધ ચાહકો સોશિયલ મીડિયા પર આ બાબતે રોષ વ્યક્ત કરી રહ્યા છે. મૂળ 'મોમ' ફિલ્મનું દિગ્દર્શન રવિ ઉદયવારે કર્યું હતું. જોકે, સીકવલનું શૂટિંગ મૂળ ફિલ્મના લેખક ગીરિશ કોહલી કરી રહ્યા છે.

# તાન્યા મિત્તલને લઈને બેસ્ટ ફ્રેન્ડ નીલમે કર્યો ચોંકાવનારો ખુલાસો : વીડિયો થયો વાઈરલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૯**




બોલીવૂડના ભાઈજાન સલમાન ખાન રિયાલિટી ટીવી શો બિગ બોસ હાલમાં ટીઆરપીના મામલે ટોપ પર છે. આ શોના સ્પર્ધકોની વાત કરીએ તો હાલમાં સોશિયલ મીડિયા પર સૌથી વધુ ટ્રેન્ડમાં હોય તો તે છે તાન્યા મિત્તલ. તાન્યા મિત્તલ તેના બિઝનેસ એમ્પાયર, અમીર પરિવારના બેકગ્રાઉન્ડની વાતોને કારણે ખૂબ જ ચર્ચામાં રહે છે. હવે તાન્યાની લવલાઈફ વિશે પણ વાત થઈ રહી છે અને એ પણ બિગ બોસ હાઉસમાં. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે આ વીડિયોમાં તાન્યાની ફ્રેન્ડ નીલમ ગિરી જ ચોંકાવનારો ખુલાસો કરી રહી છે.

વાઈરલ થઈ રહેલાં વીડિયોમાં નીલમ ગિરી અને કુનિકા સદાનંદ બેડરૂમમાં વાત કરી રહ્યા છે જેમાં કુનિકા નીલમને પૂછે છે કે આ ગુંટવા કોણ છે? જેના જવાબમાં નીલમે તાન્યાની આખી પોલ ખોલી દીધી હતી. કુનિકાએ કહ્યું કે, આ ગુંટવા કોણ છે, એનું કંઈક નામ હશે, ક્યારેય નામ કહ્યું છે એણે? મને ધીરેથી બોલી દે. નીલમે આ સવાલના જવાબમાં ઈશારા કર્યા અને પછી પછી કુનિકાના કાનમાં કહ્યું કે નામ ના કહી શકું, પણ તે પરણેલો છે. આ સાંભળીને કુનિકા ચોંકી ઉઠે છે. જોકે, નીલમે દોસ્તી નિભાવતા કુનિકાને કહ્યું કે, પ્લીઝ તમે આ સિક્રેટ કોઈને કહેતાં નહી. અત્રે ઉલ્લેખનીય છે કે એક ટાસ્ક દરમિયાન તાનિયાએ ટેડીબિયરને ગુંટવા નામ આપ્યું હતું અને કહ્યું હતું કે ગુંટવા તેનો ઈમેજનરી હસબન્ડ છે. ગુંટવા દુનિયાનો સૌથી સારો છોકરો છે અને તે તેના જીવનમાં જ્યારે કોઈ કિરણ નથી દેખાતો ત્યારે પ્રકાશ લઈને આવે છે. ગુંટવા તેને બધાથી બચાવશે. હવે ગુંટવા કોણ છે એનો ખુલાસો થઈ ગયો છે.

વાઈરલ થઈ રહેલાં લાઈવ ફીડના વીડિયોમાં જે રીતે નીલમે પોતાની ફ્રેન્ડ તાન્યાને નેશનલ ટેલિવિઝન પર એક્સપોઝ કરી છે એ જોતાં લોકો તેને ટ્રોલ કરી રહ્યા છે. યુઝર્સ એવી પ્રતિક્રિયા આપી રહ્યા છે કે તાન્યાએ પોતાની ફ્રેન્ડ સમજીને નીલમને આ વાતો કહી હતી અને નીલમે આ બધી વાતો પબ્લિક પ્લેટફોર્મ પર ના કરવી જોઈએ. એક યુઝરે આ વીડિયો પર કમેન્ટ કરતાં લખ્યું હતું કે, નીલમ તાન્યાની સાચી ફ્રેન્ડ નથી અને તાન્યા નીલમ સાથેની ફ્રેન્ડશિપને લઈને એક ભ્રમમાં છે. ફેન્સ તો એવું પણ કહી રહ્યા છે કે નીલમ પણ એક્સપોઝ થવી જોઈએ. જોઈએ મેકર્સ હવે આ સિક્રેટને શોમાં કેવી રીતે પ્લે કરે છે. નીલમ અને તાન્યાની ફ્રેન્ડશિપ ફેન્સને ખૂબ જ પસંદ આવી રહી હતી, પરંતુ ફરહાના સાથેની તાન્યાની ફ્રેન્ડશિપને કારણે આ બંનેની દોસ્તીમાં દરાર પડવા લાગી. હવે શોમાં નીલમ અવારનવાર તાન્યાની બુરાઈ કરતી જોવા મળે છે.

# આરએસએસ એક એવો હિન્દુ સમાજ બનાવવા માંગે છે, જે વિશ્વને ધર્મનું જ્ઞાન આપે: મોહન ભાગવત

## તેમનું મિશન એક સંયુક્ત અને મજબૂત હિન્દુ સમાજનું નિર્માણ કરવાનું છે, જે બાકીનું રાષ્ટ્રીય કાર્ય કરશે



(સંપૂર્ણ સમાચાર સેવા)
**બેંગલુરુ, તા.૦૯**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે સંઘની ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે બેંગલુરુમાં આયોજિત બે દિવસીય વ્યાખ્યાન શ્રેણીને સંબોધતા સંઘની નોંધણી અને કરમુક્તિ જેવા ચાલી રહેલા વિવાદો પર મોટું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટતા કરી કે આરએસએસનો મુખ્ય હેતુ સમગ્ર હિન્દુ સમાજને એક કરીને સંગઠિત કરવાનો છે, જેથી એક સમૃદ્ધ અને મજબૂત ભારતનું નિર્માણ થઈ શકે. નોંધણીના ઔપચારિક અભાવ અંગેના સવાલોના જવાબમાં મોહન ભાગવતે ભારપૂર્વક જણાવ્યું કે "ઘણી વસ્તુઓ નોંધાયેલ નથી, હિન્દુ ધર્મ પણ નોંધાયેલ નથી." તેમણે આવકવેરા વિભાગ અને અદાલતોના અવલોકનનો પણ દાવો કર્યો કે આરએસએસ એ વ્યક્તિઓનો સમૂહ હોવાથી તેને કરમુક્તિ આપવામાં આવી છે.

મોહન ભાગવતે રવિવારે (૯ નવેમ્બર) જણાવ્યું કે આરએસએસ એક એવો હિન્દુ સમાજ બનાવવા માંગે છે, જે વિશ્વને ધર્મનું જ્ઞાન આપે. આ જ્ઞાન દ્વારા વિશ્વ સુખી, આનંદમય અને શાંતિપૂર્ણ બની શકે. તેમણે ઉમેર્યું કે આ ભગીરથ કાર્યનો એક ભાગ સમગ્ર સમાજ અને રાષ્ટ્ર દ્વારા કરવાનો છે, અને આરએસએસ આ માટે હિન્દુ સમાજને તૈયાર કરી રહ્યું છે. "અમારી પાસે એક જ દ્રષ્ટિ છે, એક જ લક્ષ્ય છે. તે દ્રષ્ટિ પૂર્ણ કર્યા પછી, અમે બીજું કંઈ કરવા માંગતા નથી," તેમ તેમણે સ્પષ્ટ કર્યું. તેમનું મિશન એક સંયુક્ત અને મજબૂત હિન્દુ સમાજનું નિર્માણ કરવાનું છે, જે બાકીનું રાષ્ટ્રીય કાર્ય કરશે.

વધુમાં, સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, મોહન ભાગવતે સંઘની કરમુક્તિના મુદ્દા પર દાવો કર્યો હતો કે આવકવેરા વિભાગ અને દેશની અદાલતોએ આ બાબતનું અવલોકન કર્યું છે. તેમનું નિરીક્ષણ છે કે RSS એ વ્યક્તિઓનો સમૂહ છે, અને આ જ કારણસર તેને કરમુક્તિ આપવામાં આવી છે. સંઘની સ્થાપનાના ૧૦૦ વર્ષોનો ઉલ્લેખ કરતા તેમણે સવાલ કર્યો, "જ્યારે ૧૯૨૫માં સંઘની સ્થાપના થઈ, ત્યારે શું અમે બ્રિટિશ સરકારમાં તેની નોંધણી કરાવવાની હતી?" તેમણે ઉમેર્યું કે ૧૯૪૭માં આઝાદી મળ્યા પછી પણ સરકારે નોંધણી ફરજિયાત કરી નથી.

તેમણે એ પણ ધ્યાન દોર્યું કે અગાઉની સરકારો દ્વારા આરએસએસ પર ત્રણ વખત પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, જે પોતે જ દર્શાવે છે કે સરકારે તેને માન્યતા આપી છે. તેમણે તર્ક આપ્યો કે "જો અમે પ્રતિબંધિત ન હતા, તો પછી સરકારે કોને પ્રતિબંધિત કર્યો?" આમ, આરએસએસ વડાએ નોંધણી અને કરમુક્તિના બંને વિવાદોને તેમની વાતચીત દ્વારા શાંત કરવાનો પ્રયાસ કર્યો.

### કુબાવત ચેરિટેબલ ટ્રસ્ટ અને રણછોડદાસજી હોસ્પિટલના સહયોગથી

# દીવ દેલવાડામાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દીવ, તા.૦૯**



દેલવાડા મુકામે વિના મૂલ્ય નેત્ર નિદાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અને શ્રી રણછોડદાસજી હોસ્પિટલ રાજકોટના સહયોગથી ૨૦ જેટલા વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજવામાં આવ્યા હતા.

આ કેમ્પમાં દેલવાડા તથા આજુબાજુથી ૧૦૦ થી વધારે ગ્રામ્ય વિસ્તારના લોકોએ આંખની તપાસ કરાવી હતી અને તેમાંથી ૨૫ જેટલા દર્દીને મોતિયા તથા વેલના ઓપરેશન કરવા માટે શ્રી રણછોડદાસજી હોસ્પિટલ રાજકોટ ખાતે સ્પેશ્યલ વાહન દ્વારા મોકલવામાં આવ્યા ત્યાં જઈને ઓપરેશન કરીને દવા, ટીપા ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ નેત્ર નિદાન કેમ્પમાં લોકો ભારી સંખ્યા લાભ લઈ રહ્યા છે અને પીડા દૂર કરી રહ્યા છે. જ્યારે આજરોજ ૨૦મો કેમ્પ યોજાયો હતો. જેમાં કુલ ૯૬થી વધારે લોકોએ નિદાન કેમ્પનો લાભ લીધો હતો. જે પૈકી ૨૨ દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂરિયાત જણાતા દેલવાડા ગામેથી રાજકોટ ખાતે રણછોડદાસજી હોસ્પિટલ રાજકોટ ખાતે ઓપરેશન કરી પરત દેલવાડા ગામે લઈ આવવા આવશે.

આ કેમ્પ સંપૂર્ણ પણે વિના મુલ્યે યોજાય છે કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી હરકિશન.આઈ.કુબાવત એ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આવનારા સમયમાં કેન્સર પીડિત દર્દી માટે નિદાન કેમ્પ યોજવામાં આવશે વિવિધ આરોગ્ય લક્ષી પ્રવૃત્તિ કરવામાં આવશે.

# ભારતીય બેટરે સૌથી ઝડપી અડધી સદી ફટકારી રચ્યો ઈતિહાસ, રણજી ટ્રોફીમાં કરી કમાલ





## મેઘાલયના ખેલાડી આકાશ ચૌધરીએ અરુણાચલ પ્રદેશ સામે પ્લેટ ગ્રુપ મેચમાં ૧૧ બોલમાં અડધી સદી ફટકારી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૯**

ભારતની સૌથી મોટી ટુર્નામેન્ટ રણજી ટ્રોફી ટેસ્ટ ફોર્મેટમાં રમાતી રેડ-બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ છે. જોકે, મેઘાલયના ખેલાડી આકાશ ચૌધરીએ સુરતમાં અરુણાચલ પ્રદેશ સામે પ્લેટ ગ્રુપ મેચમાં માત્ર ૧૧ બોલમાં અડધી સદી ફટકારીને ઈતિહાસ રચ્યો છે. ભારતીય બેટરે સૌથી ઝડપી અડધી સદી ફટકારીને ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટ ઈતિહાસમાં સૌથી ઝડપી ફિફ્ટીનો વિશ્વ રેકોર્ડ બન્યો છે. આકાશ ચૌધરીએ એક ઓવરમાં ૬ છગ્ગા ફટકાર્યા હતા. આ સાથે આકાશ ઈનિંગમાં ૮ બોલમાં સતત ૮ છગ્ગા ફટકારનાર પ્રથમ બેટ્સમેન બન્યો હતો.

આકાશ ચૌધરીએ તેની ઈનિંગ્સમાં ૧૪ બોલમાં ૫૦ રન બનાવ્યા. જેમાં એક ઓવરમાં ૬ છગ્ગા ફટકાર્યા છે, ત્યારે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કરનારા તે દુનિયાનો ત્રીજો ખેલાડી બન્યો છે. આ પહેલા રવિ શાસ્ત્રી અને ગૈરી સોબર્સે ફર્સ્ટ ક્લાસ મેચમાં એક ઓવરમાં ૬ છગ્ગા લગાવ્યા હતા.

આકાશ ચૌધરીએ વિશ્વભરના ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ ઈતિહાસમાં સૌથી ઝડપી અડધી સદીનો રેકોર્ડ બનાવ્યો છે. આકાશે વર્ષ ૨૦૧૨માં કાઉન્ટીના ખેલાડી વેન વ્હાઈટના ૧૨ બોલમાં અડધી સદીનો રેકોર્ડ તોડ્યો હતો. વર્ષ ૨૦૧૫-૧૬ રણજી ટ્રોફીમાં, તેણે જમ્મુ અને કાશ્મીર માટે બંદીપ સિંહનો ૧૫ બોલમાં અડધી સદીનો રેકોર્ડ પણ તોડ્યો હતો. જ્યારે હવે આકાશ ચૌધરીએ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં એક નવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે.

આ મેચમાં મેઘાલયમાં અરુણાચલ પ્રદેશના ખેલાડીઓએ પહેલી ઈનિંગ્સમાં ૬ રને ૬૨૮ રન બનાવ્યા. મેઘાલય માટે ત્રણ બેટર્સે સદી ફટકારી છે. જેમાં અર્પિત ભટેવારાએ સૌથી વધુ ૨૦૭ રન બનાવ્યા. કિશન લિંગદોહે ૧૧૯ અને રાહુલ દલાલે ૧૪૪ રન બનાવ્યા. તેમજ અજય દુહાને ૫૩ રન બનાવ્યા, જ્યારે આકાશ ચૌધરીએ ૧૪ બોલમાં ૫૦ રન બનાવ્યા.

# ફિલિપાઈન્સમાં ૧૦ લાખ લોકો પર તોળાઈ રહ્યો છે મોતનો ખતરો: કટોકટી જાહેર, સેના હાઈ એલર્ટ પર





(સંપૂર્ણ સમાચાર સેવા)
**ફિલિપાઈન્સ, તા.૦૯**

ફિલિપાઈન્સ સદીના સૌથી ખરાબ સંકટનો સામનો કરી રહ્યું છે. પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે ૧૦ લાખ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. સુપર ટાયફૂન ફંગ-વોંગ ફિલિપાઈન્સ તરફ આગળ વધી રહ્યું છે. તેને દાયકાના સૌથી શક્તિશાળી વાવાઝોડામાંનું એક માનવામાં આવે છે.

થોડા દિવસો પહેલા જ ફિલિપાઈન્સમાં અન્ય એત વિનાશક વાવાઝોડાનો સામનો કરવો પડ્યો હતો, જેમાં ૨૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા. સરકાર કોઈ જોખમ લઈ રહી નથી અને અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોને બહાર કાઢી રહી છે. જો કે, મોટી સંખ્યામાં લોકો વાવાઝોડાના અસરગ્રસ્ત વિસ્તારોમાં રહે છે.

ફંગ-વોંગ વાવાઝોડું રવિવારે તેના અપેક્ષિત લેન્ડફોલ પહેલાં જ ઉત્તરપૂર્વીય ફિલિપાઈન્સમાં વિનાશ મચાવવાનું શરૂ કરી દીધું હતું. તેના કારણે મોટા વિસ્તારમાં વીજળી ગુલ થઈ ગઈ હતી અને હવામાન વિભાગે દેશના કેટલાક ભાગોમાં "જીવન માટે જોખમી પરિસ્થિતિઓ" ની ચેતવણી જારી કરી હતી. ફિલિપાઈન વહીવટીતંત્ર (PAGASA)એ જણાવ્યું હતું કે ફંગ-વોંગ, જેને સ્થાનિક રીતે ઉવાન તરીકે ઓળખવામાં આવે છે, રવિવાર રાત સુધીમાં ઓરોરા પ્રાંત પહોંચી શકે છે.

આ સમયગાળા દરમિયાન, મહત્તમ ૧૮૫ કિમી/કલાક અને ૨૩૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. આનાથી દક્ષિણપૂર્વ અને મધ્ય પ્રદેશો, જેમાં કેટાન્ડુઆન્સ, કેમેરિનેસ સુર અને ઓરોરા પ્રાંતનો સમાવેશ થાય છે માટે ચેતવણીનું લેવલ સૌથી વધુ, સિગ્નલ નંબર ૫ સુધી વધી ગયું છે, જ્યારે મેટ્રો મનીલા અને આસપાસના પ્રાંતો માટે સિગ્નલ નંબર ૩ની ચેતવણી જાહેર કરવામાં આવી છે. ફંગ-વોંગ તેના ૧,૬૦૦ કિમી પહોળા વરસાદ અને પવન સાથે દક્ષિણપૂર્વ એશિયાઈ દ્વીપસમૂહના બે તૃતીયાંશ ભાગને આવરી શકે છે. વાવાઝોડું પ્રશાંત મહાસાગરમાંથી આવી રહ્યું છે. દરમિયાન ફિલિપાઈન્સ હજુ પણ ટાયફૂન કાલમેગીથી થયેલા વિનાશનો સામનો કરી રહ્યું છે. મંગળવારે ટાયફૂન કાલમેગીએ મધ્ય ટાપુ પ્રાંતોમાં ઓછામાં ઓછા ૨૨૪ લોકો માર્યા ગયા હતા અને તેણે વિયેતનામમાં પણ વિનાશ મચાવ્યો હતો, જ્યાં ઓછામાં ઓછા પાંચ લોકો માર્યા ગયા હતા.

ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરે કાલમેગીથી થયેલા વ્યાપક વિનાશ અને ફંગ-વોંગથી સંભવિત આફતને કારણે કટોકટીની સ્થિતિ જાહેર કરી છે. ફિલિપાઈન્સમાં, ૧૮૫ કિમી/કલાક કે તેથી વધુની ઝડપે સતત પવન સાથે આવતા ઉષ્ણકટિબંધીય ચક્રવાતોને સુપર ટાયફૂન તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. આ નામ વર્ષો પહેલા વધુ ભારે હવામાન વિક્ષેપોની તાકીદ પર ભાર મૂકવા માટે અપનાવવામાં આવ્યું હતું.

ડિફેન્સ સચિવ ગિલ્બર્ટ ટીઓડોરો જુનિયરે શનિવારે એક ટેલિવિઝન સંબોધનમાં ફંગ-વોંગની સંભવિત વિનાશક અસર વિશે ચેતવણી આપી હતી. "અમે લોકોને અગાઉથી સ્થળાંતર કરવા વિનંતી કરીએ છીએ જેથી આપણે છેલ્લી ઘડીની બચાવ કામગીરીનો આશરો ન લેવો પડે, જે પોલીસ, સેના, અગ્નિશામકો અને કોસ્ટ ગાર્ડ કર્મચારીઓના જીવ જોખમમાં મૂકી શકે છે."

### ખીણમાં ખાબકતાં જ બસનો કચ્ચરઘાણ

# ૩૦ બાળકો સવાર સ્કૂલ બસ ૧૫૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નંદુરબાર, તા.૦૯**

મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લામાં આજે સવારે એક ભયાનક અકસ્માત થયો છે. અક્કલકુવા-મોલગી માર્ગ પર આવેલા દેવગોઈ ઘાટ વિસ્તારમાં એક સ્કૂલ બસ આશરે ૧૫૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી છે. આ બસમાં આશરે ૩૦ વિદ્યાર્થીઓ સવાર હતા.

બસ મોલગી ગામથી અક્કલકુવા તરફ જઈ રહી હતી ત્યારે આમલિબારી પરિસરમાં બસના ચાલકે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. કાબૂ ગુમાવતા બસ ૧૫૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી.

આ ભયાનક અકસ્માતમાં એક વિદ્યાર્થીનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ થયું હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. જ્યારે અન્ય ઘણા વિદ્યાર્થીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત બાદ બસ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે અક્કલકુવા ગ્રામીણ હોસ્પિટલમાં ખસેડાયા છે.

ખીણમાં ખાબકતાં જ બસનો સંપૂર્ણ કચ્ચરઘાણ વળી ગયો છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને વહિવટી તંત્રની ટીમ સ્થળ પર દોડી આવી છે. રાહત અને બચાવ કામગીરી કરનારી ટીમે ઈજાગ્રસ્તોને બહાર કાઢીને હોસ્પિટલ પહોંચાડ્યા છે. નંદુરબારના જિલ્લા અધિકારીએ જણાવ્યું કે, અકસ્માત કેવી રીતે થયો, તેની તપાસ કરવામાં આવશે અને જરૂરી સુરક્ષાના પગલાં લેવામાં આવશે.

# આઈપીએલ ૨૦૨૬નું મિની ઓક્શન ડિસેમ્બર મહિનામાં થવાની સંભાવના




(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૯**

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬ના મિની ઓક્શનને લઈને મોટા સમાચાર આવી રહ્યા છે. આઈપીએલ ૨૦૨૬નું મિની ઓક્શન ડિસેમ્બરમાં થવાની સંભાવના છે. રિપોર્ટ્સ અનુસાર, આઈપીએલ ૨૦૨૬ની સીઝન માટે ખેલાડીઓની હરાજી ૧૫ ડિસેમ્બરના રોજ ભારતમાં આયોજિત થઈ શકે છે. જો કે બીસીસીઆઈ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર કન્ફર્મેશન આવ્યું નથી. પાછલી બે હરાજી દુબઈ (૨૦૨૩) અને જેદ્દા (૨૦૨૪)માં થઈ હતી. તો વળી મહિલા પ્રીમિયર લીગનું પહેલા મેગા ઓક્શન ૨૭ નવેમ્બરના રોજ દિલ્હીમાં આયોજિત કરવામાં આવશે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર, પાછલા બે ઓક્શન દુબઈ અને જેદ્દામાં આયોજિત થયા હતા. પણ આ વખતે હરાજી ભારતમાં થવાની તૈયારી છે. જો કે તેના પર હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

IPL 2026 ઓક્શન પહેલા તમામ ૧૦ ટીમો ૧૫ નવેમ્બરના રોજ પોતાના રિટેન અને રિલીઝ કરેલા ખેલાડીઓની યાદી જાહેર કરશે. રિપોર્ટ્સ અનુસાર, મહિલા પ્રીમિયર લીગનું પ્રથમ મેગા ઓક્શન ૨૭ નવેમ્બરના રોજ દિલ્હીમાં આયોજિત કરવામાં આવશે. તમામ પાંચ WPL ટીમોએ ૬ નવેમ્બરના રોજ પોતાના રિટેન કરેલા ખેલાડીઓની યાદી જાહેર કરી દીધી છે.

# નેપાળમાં ટ્રેકિંગ દરમિયાન હિમવર્ષામાં ગુમ થયેલા પિતા-દીકરીના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
**બારડોલી, તા.૦૯**



સુરત જિલ્લાના બારડોલી તાલુકાના કડોદ ગામે પર્વતારોહકો નેપાળ ફરવા જતા ત્યાં ટ્રેકિંગ વેળાએ પિતા પુત્રી ગુમ થવાની ઘટના બની છે. નેપાળના દુર્ગમ પહાડી પ્રદેશમાં મોટા પ્રમાણમાં હિમવર્ષા થવાથી પિતા પુત્રી વચ્ચેનો સંપર્ક તૂટી ગયો હતો. ત્યારે નેપાળથી એક દુખદ સમાચાર આવ્યા છે. બરફ વચ્ચે પિતા પુત્રીના મૃતદેહ મળી આવ્યા છે. તેમના મોતના ખબરથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. દિવાળીના તહેવારમાં અનેક લોકો પરિવાર સાથે વેકેશનની મજા માણવા જતા હોય છે. ત્યારે આ જ રીતે એક પ્રવાસી પરિવાર સુરત જિલ્લાના બારડોલી તાલુકાના કડોદ ગામનું નેપાળ વેકેશન માણવા ગયું હતું. કડોદ ગામે રહેતા જીગ્નેશભાઈ લલ્લુભાઈ ભંડારી જેવો પોતાની પુત્રી પ્રિયાંશી સાથે નેપાળ ફરવા ગયા હતા. પુત્રી પ્રિયાંશી વનિતા વિશ્રામ ઈન્સ્ટિટ્યૂટ સ્કૂલમાં ધોરણ ૧૧ સાયન્સમાં અભ્યાસ કરતી હતી. જેને બાળપણથી જ દુર્ગમ પહાડી વિસ્તારમાં તેમજ ટ્રેકિંગ કરવાનો શોખ હોવાથી આ સ્વપ્ન સાકાર કરવા માટે એમના માતા-પિતા અને દીકરી સાથે દુર્ગમ વિસ્તારોમાં નેપાળ અન્નપૂર્ણા ત્રણ તરફ જવાનું નક્કી કર્યું હતું.

ગત ૧૪ ઓક્ટોબર ના રોજ તેઓ વતન કડોદથી સુરત થઈ ટ્રેન મારફતે નેપાળ જવા નીકળ્યા હતા. અને ફરી તેઓ ૩૧ તારીખ સુધીમાં પરત વતન આવી જવાનો તેઓનો નિર્ધારિત કાર્યક્રમ હતો. પરંતુ નેપાળમાં હિમવર્ષા થવાથી ટ્રેકિંગ વેળા કડોદ ગામના પિતા પુત્રી હિમવર્ષામાં ગુમ થઈ ગયા હતા. જેઓની આજદિન સુધી મળી નથી. તેઓ પરિવાર પરત નહી ફરતા ઘરના અન્ય સભ્યો ચિંતિત બન્યા છે. જે તે સમયે જીગ્નેશભાઈના પત્ની જાગૃતિ બહેને મોબાઈલ પર ફોન પર વાત કરીને ૩૧ ઓક્ટોબરના રોજ પરત આવી જવાની વાત કરી હતી. પરંતુ હિમ વર્ષા થઈ જતા અન્નપૂર્ણા ત્રણ તરફ જવાના માર્ગ બંધ થઈ ગયા હોવાનું તેઓએ જણાવ્યું હતું.

જીગ્નેશભાઈ અને દીકરીની કોઈ ખબર ન મળતા તેમનો પરિવાર ચિંતાતુર બન્યો હતો. સ્થાનિક નેતાગીરી દ્વારા ભારતીય એમ્બેસીનો પણ સંપર્ક કરી અને આ જીગ્નેશભાઈને શોધવાના પ્રયત્નો હાથ ધરાયા હતા. જાગૃતિબેને પણ પતિ અને પુત્રી ગુમ થયા અંગેની સ્થાનિક કડોદ આઉટ પોસ્ટ પોલીસમાં ફરિયાદ આપી હતી. જેના બાદ બંનેના શોધવાના પ્રયાસો શરૂ કરાયા હતા.

વર્તમાન પ્રવાહ
વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વાપી રેલવે ફલાય ઓવરબ્રિજની રાત-દિવસ પુરજોશમાં ચાલી રહેલી કામગીરીથી નવી આશા બંધાઈ





**વાપી માટે હાર્ટ લાઈન સમાન આ ફલાય ઓવરબ્રિજ રૂ.૧.૪૨ કરોડના ખર્ચે તૈયાર થનાર છે પરંતુ બે વર્ષ કામ ટલ્લે ચડ્યુ હતું**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

વાપી પૂર્વ-પશ્ચિમને જોડતો જુનો રેલવે ફલાય ઓવરબ્રિજ જુનો થતા આ પુલ પાડી દેવામાં આવ્યો હતો તેની સ્થાને રેલવે અને ગુજરાત સરકારના સહયોગથી નવિન ફલાય ઓવરબ્રિજ રૂા.૧.૪૨ કરોડના ખર્ચે સાકાર કરવા માટેના નિર્ણયથી વાપીની પ્રજા ખુશહાલ થઈ હતી પરંતુ આ ખુશી મૃતપાય થતી લાગી હતી. કારણ કે જોર શોરથી પુલની કામગીરી પ્રચાર-પ્રસાર કરાયો હતો તેમાં એકાદ વર્ષમાં જ પંચર પડી ગયું. પુલનું કામ ટલ્લે ચઢી ગયું અને એકદમ બંધ પડી ગયું. વાપી વાસીઓએ આવી સ્થિતિની કલ્પના પણ નહોતી કરી.

વાપી વાસીઓ માટે હવે નવી આશાના મંડાણ થઈ ચૂક્યા છે. ચોમાસાની વિદાય બાદ રેલવે ફલાય ઓવરની કામગીરી દિવસ-રાત ચાલુ થઈ છે તેથી હાલમાં તો લાગી રહ્યું છે કે, કામ જલદી પુરુ થશે. માત્ર દોઢ વર્ષની અવધીમાં બનનારા આ પુલને બે-બે વર્ષ વિતિ ગયા છતાં કામગીરી ઠેર ના ઠેર રહી હતી. વાપી ચલાથી ઈમરાનનગર સુધીની લંબાઈ ધરાવતો પુલ આધુનિક અને વિવિધ સગવડો સાથે બનનાર છે. લેફટ-રાઈટમાં પુલ નીચેથી પસાર થશે તેથી ટ્રાફિકમાં મોટી રાહત થશે પરંતુ ક્યારે? આ પ્રશ્નનો જવાબ અને રાહત પુલની કામગીરી પૂર્ણ થયા પછી જ મળી શકે. ત્યાં સુધી કાગડોળે સૌએ રાહ જોવી રહી.

## વાપી ઉદ્યોગનગર પોલીસ દ્વારા

# 'તેરા તુજકો અર્પણ' અંતર્ગત રૂા.૮.૩૦ લાખથી વધુનો મુદ્દામાલ ૨૯ અરજદારોને પરત કરાયો







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

ગુજરાત પોલીસના પ્રજાલક્ષી અભિગમ 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ આજે વાપી ઉદ્યોગનગર પોલીસે મોટી સિદ્ધિ મેળવી છે. પોલીસે ગુમ થયેલા અને ચોરી થયેલા કુલ ૨૭ મોબાઈલ ફોન, એક યામાહા આર૧૫ મોટરસાઈકલ અને ૧૦ નંગ એલ્યુમિનિયમ ડાઈ સહિત કુલ રૂા.૮,૩૦,૬૧૪ થી વધુ કિંમતનો મુદ્દામાલ શોધી કાઢીને તેના ૨૯ મૂળ માલિકોને પરત સોંપીને 'તેરા તુજકો અર્પણ' સૂત્રને સાર્થક કર્યું છે.

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને ડુંગરા પોલીસ સ્ટેશન ખાતે આ લોક કલ્યાણકારી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહ અને ડીવાયએસપી બી.એન. દવેની સૂચનાના આધારે, વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર અમીરાજસિંહ જે. રાણાની રાહબરી હેઠળ પોલીસે સીઈઆઈઆર પોર્ટલ અને ટેકનિકલ સર્વેલન્સનો ઉપયોગ કરીને આ કિંમતી વસ્તુઓ શોધી કાઢી હતી. પોતાનો મુદ્દામાલ પરત મળતા અરજદારોમાં આનંદની લાગણી છવાઈ હતી અને તેમણે પોલીસ ટીમનો આભાર માન્યો હતો.

## વલસાડ જિલ્લા પોલીસ દ્વારા

# પ્રોહિબિશન ગુનામાં જપ્ત કરાયેલ રૂા.૫.૨૯ કરોડનો દારૂનો જથ્થો ભિલાડમાં નાશ કરાયો







**જિલ્લાના ૧૨ પોલીસ સ્ટેશનો દ્વારા ઝડપાયેલ દારૂની ૧,૯૯,૧૭૦ બોટલો ઉપર રોલર ફરી વળ્યું**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા. ૦૯**

વલસાડ જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનો દ્વારા પ્રોહિબિશનના ગુના હેઠળ આરોપીઓ પાસેથી વિવિધ વાહનોમાં ઝડપાયેલ ૫.૨૯ કરોડના દારૂનો જથ્થો નાશ કરવામાં આવ્યો. ભિલાડ ચેકપોસ્ટ નજીક તમામ ઠલવાયેલ દારૂના જથ્થા ઉપર રોલર ફેરવીને નાશ કરવામાં આવ્યો હતો.

વલસાડ જિલ્લાના કાર્યરત કુલ ૧૨ પોલીસ સ્ટેશનો દ્વારા અલગ અલગ સમય અને સ્થળોથી કુલ કિંમત રૂા.૫,૨૯,૩૯,૫૧૭ રૂપિયાનો દારૂના જથ્થાની કુલ ૧,૯૯,૧૭૦ બોટલનો જથ્થો ભિલાડ નજીક ચેકપોસ્ટ નજીક જુદા જુદા વાહનો દ્વારા દારૂના જથ્થાની બોટલો એક્સિસ કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રાંત અધિકારી અને ૧૨ પોલીસ સ્ટેશનના પી.આઈ. સહિત ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં કોર્ટ નિર્દેશ અનુસાર દારૂનો જથ્થો નાશ કરાયો હતો.

ઉલ્લેખનીય છે કે, વલસાડ જિલ્લા સંઘપ્રદેશ અને મહારાષ્ટ્રની સરહદોથી સંકળાયેલ હોવાથી બુટલેગરો દ્વારા નિયમિત ગુજરાતમાં દારૂનો જથ્થો ઘૂસાડવામાં આવે છે તે પૈકીનો પોલીસના હાથે ઝડપાયેલ દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.

# પારડી તાલુકાના ડુંગરી ખાતે ૧૧ ગામોનું સ્નેહમિલન યોજાયું

**નાણા મંત્રી કનુભાઈ દેસાઈના પ્રયત્ન થકી રૂા.૧૩ કરોડના વિવિધ વિકાસ કામો ડુંગરી ખાતે થયાઃ રૂા.૩૫ લાખના ખર્ચે આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ અને ૬૦ લાખના ખર્ચે ગ્રામ પંચાયત ઓફિસનું ખાતમુહૂર્ત કરાયું**







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૦૯**

નવ નિયુક્ત પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માની સૂચના અનુસાર દિવાળી અને નવા વર્ષનો સ્નેહમિલન કાર્યક્રમ એક જ જગ્યાએ નહીં પરંતુ અલગ અલગ ગ્રામ પંચાયતો દ્વારા યોજવાની સૂચના અનુસાર તારીખ ૯-૧૧-૨૦૨૫ ના રોજ પારડીના ડુંગરી ગ્રામ પંચાયત ખાતે ૧૧ જેટલા ગામોનો દિવાળી તથા નવા વર્ષનું સ્નેહમિલન રાખવામાં આવ્યું હતું. પારડીના ધારાસભ્ય અને ગુજરાત સરકારમાં નાણા અને શહેરી વિકાસના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ આ સ્નેહ મિલન કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સૌ પ્રથમ રૂા.૩૫ લાખના ખર્ચે આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ અને રૂા.૬૦ લાખના ખર્ચે ગ્રામ પંચાયત ઓફિસનું ખાતમુહૂર્ત કર્યા બાદ સ્નેહમિલન કાર્યક્રમમાં ઉપસ્થિત દરેક ભાજપ કાર્યકર્તાઓએ કનુભાઈ દેસાઈને હાર બુકે આપી નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

જિલ્લા મંત્રી શૈલેષભાઈ પટેલે વડાપ્રધાન શ્રી નરેદ્રભાઈ મોદી દ્વારા સ્વદેશી અભિયાનને મહત્વ આપી સ્વદેશી અપનાવવાની અપીલ કરી પ્રતિજ્ઞા લેવડાવી હતી. જ્યારે ડુંગરી ગામના સરપંચ રવિન્દ્રભાઈ પટેલે પોતાના કાર્યકાળના ચાર વર્ષ દરમિયાન કનુભાઈ દેસાઈના પ્રયત્ન થકી ૧૩ કરોડ જેટલી માતબર રકમના વિકાસના કામો ડુંગરી ગ્રામ પંચાયતને મળતા ડુંગરી ગામની કાયાપલટ થઈ ગઈ હોવાનું જણાવ્યું હતું.

પારડી તાલુકા ભાજપ પ્રમુખ પુનિતભાઈ પટેલે સ્વાગત વિધિ કરી સૌને આવકાર્યા હતા જ્યારે શંકરભાઈ પટેલે આભારવિધિ નિભાવી હતી.

આજના આ કાર્યક્રમમાં ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, ડુંગરી ગામના સરપંચ રવિન્દ્રભાઈ પટેલ, પારડી તાલુકા ભાજપ પ્રમુખ પુનિતભાઈ પટેલ, પારડી તાલુકા પંચાયત પ્રમુખ દક્ષેશભાઈ પટેલ, પૂર્વ પારડી તાલુકા ભાજપ પ્રમુખ મહેશભાઈ દેસાઈ, વાપીના સતિષભાઈ, પારડી નગરપાલિકા બાંધકામ અધ્યક્ષ પ્રણવ દેસાઈ, વલસાડ જિલ્લાના મુકેશભાઈ, શૈલેષભાઈ, પારડી તાલુકાના ૧૧ ગામોના સરપંચો સહિત ખૂબ મોટી સંખ્યામાં પારડી તાલુકામાંથી ભાજપના કાર્યકર્તાઓ હોદ્દેદારો ઉપસ્થિત રહી આજનો આ ડુંગરી ખાતે યોજાયેલ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# વલસાડના જાણીતા મહેતા પરિવારના સ્વર્ગસ્થ રંજનબેન મહેતાનું પ્રેરક અનુદાન : ચક્ષુ અને દેહદાન કરાયું

**ઉમિયા સોશિયલ ટ્રસ્ટના નેજા હેઠળ રંજનબેને સંકલ્પ પત્ર ભર્યું હતું તે અનુસાર જ ચક્ષુ અને દેહદાન કરવામાં આવ્યું**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

જગતમાં સૌથી પ્રેરક માનવતા ભર્યું શ્રેષ્ઠ દાન હોય તો તે છે ચક્ષુ દાન અને દેહદાન. આ શ્રેષ્ઠ દાન વલસાડના જાણીતા મહેતા પરિવારના સ્વર્ગસ્થ રંજનબેન મહેતાના દેહનું શ્રેષ્ઠ દાન કરવામાં આવ્યું છે.



વલસાડના જાણીતા મહેતા પરિવાર (આશા સેલ્યુલોસ)ના આદરણીય શ્રીમતી રંજનબેન બાબુભાઈ મહેતાનું ૮૦ વર્ષની વયે દુઃખદ અવસાન થયું. સ્વર્ગસ્થ રંજનબેને તેમના જીવન બાદ પણ માનવતાનું ઉદાહરણ પુરુ પાડ્યું છે. અગાઉ તેઓએ ઉમીયા સોશ્યિલ ટ્રસ્ટના નેજા હેઠળ સંકલ્પ પત્ર ભર્યું હતું તે અનુસાર પરિવાર દ્વારા ચક્ષુદાન અને દેહદાન તબીબી અભ્યાસ માટે કર્યું છે. આર.એન.સી. ફ્રી આઈ હોસ્પિટલના તબીબોના સહયોગથી ચક્ષુદાન કરવામાં આવ્યું છે. તેમના નેત્રો અન્ય બે વ્યક્તિઓની દૃષ્ટિહીન જીંદગીમાં નવો પ્રકાશ પાથરશે. પ્રથમ ચક્ષુદાન બાદ દેહદાનની પ્રક્રિયા એન.ડી. આર્યુવૈદિક કોલેજ હોસ્પિટલ વાઘલધરાના યોગેશભાઈ અને ટીમ દ્વારા પુર્ણ કરવામાં આવી હતી. ઉમીયા ટ્રસ્ટે મહેતા પરિવારના સભ્યો શ્રી બાબુભાઈ, જીજ્ઞેશભાઈ અને અભયભાઈ સહિતનાઓનો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો હતો.

# વાપી આર.કે.દેસાઈ કોલેજમાં ''વંદે માતરમ્''ના ૧૫૦ વર્ષની ઉજવણી કરાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

વાપી સ્થિત આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશનમાં ''વંદે માતરમ્'' ગીતના ૧૫૦વર્ષ પૂર્ણ થવા નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે પ્રા.પિયુષ પટેલ દ્વારા બંકિમચંદ્ર ચટોપાધ્યાયનો જીવન પરિચય તાલીમાર્થીઓ સમક્ષ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રજૂ થયો હતો. ત્યારબાદ પ્રધ્યાપકો અને તાલીમાર્થીઓ દ્વારા ''વંદે માતરમ્'' મૂળ ગીતનું સમૂહગાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડો. વૈશાલી દેસાઈ દ્વારા સરકારશ્રી દ્વારા આદેશિત સ્વદેશી અપનાવો શપથ વિધિ કરવામાં આવી હતી. દેશપ્રેમ, આત્મનિર્ભરતા તથા ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની પ્રતિબદ્ધતાને નવી ઊર્જા આપતો પ્રસ્તુત કાર્યક્રમનો મુખ્ય હેતુ શિક્ષક તાલીમાર્થીઓમાં રાષ્ટ્રીય, એક્તા, સ્વાભિમાન અને સ્વદેશી વસ્તુનો રોજબરોજ ઉપયોગ કરે એ હતો.

સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન આચાર્ય ડો. પ્રીતિ ચૌહાણ દ્વારા પૂરૂ પાડવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય ગરીમાને ઉજાગર કરતા આ કાર્યક્રમનું આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન શ્રી મીલનભાઈ દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહે અભિનંદન પાઠવ્યા હતા.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો**

**સંજય તાડા - 99244 66899**

**સુરેશ ઉમતિયા - 98259 89444**

# કપરાડા ઓઝરની સિયોન સ્કૂલ સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાં કરનાર ત્રણ સંચાલકોના જામીન નામંજૂર

**સ્કૂલમાં પરવાનગી વગર ધો. ૯ અને ૧૦ના ક્લાસ શરૂ કરીને ૪૦ હજારની તગડી ફી વિદ્યાર્થીઓ પાસે વસુલી હતી**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા. ૦૯**



કપરાડાના ઓઝર ગામે કાર્યરત સિયોન સ્કૂલના ત્રણ સંચાલકોએ પરવાનગી વગર ધો.૯ અને ૧૦ના વર્ગ શરૂ કરીને વિદ્યાર્થીઓ પાસેથી ૪૦ હજાર જેટલી તગડી ફીની વસુલાત કરી હતો. આ પ્રકરણમાં વિદ્યાર્થીઓના ભાવિ સાથે ત્રણ સંચાલકો કરેલા ચેડા સબબ ફરિયાદ નોંધાઈ હતી. તેથી કોર્ટમાં આગોતરા જામીનની અરજી કરી હતી. ધરમપુર નામદાર કોર્ટે ત્રણેય સંચાલકોની જામીન અરજી નામંજુર કરી હતી.

ઓઝર ગામે સિયોની એજ્યુકેશન ઈન્સ્ટિટયુટ નામની સ્કૂલના સંચાલક ધુવી નાયક, નિલેશ નાયક અને પારૂલ નાયકે ધો.૯, ૧૦ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી દિધો હતો. હકિકતમાં ધો.૯ અને ૧૦ વર્ગ માટે જરૂરી સત્તાવાર મંજુરી શિક્ષણ વિભાગ દ્વારા મળી નહોતી તો પણ વિદ્યાર્થી દીઠ ૪૦ હજારની તગડી ફી વસુલી વર્ગ ચાલુ રાખવા ફરિયાદ નોંધાઈ હતી. વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડા કરનાર ત્રણેય સંચાલકોએ ધરમપુર કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. નામદાર ન્યાયાધીશ એન.એ.મિસ્ત્રી દ્વારા આગોતરા જામીન અરજી નામંજુર કરી હતી.

# પાકિસ્તાન મરીને ભારતીય જળસીમામાં ઘૂસી ઓખાની બોટ સાથે દીવના ૩ સહિત ૮ માછીમારોનું અપહરણ કર્યું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૯**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના લોકો મુખ્ય માછીમારી વ્યવસાય સાથે જોડાયેલા છે ત્યારે તેઓ દીવની ફિશિંગ બોટની સાથે સાથે ગુજરાતની બોટમાં પણ ફિશિંગ અર્થે જતા હોય છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર આજે ઓખાની એક બોટના અપહરણમાં દીવના પણ ૩ ખલાસીઓનું અપહરણ થયું હોય તેવું સામે આવ્યું છે. દીવના સાઉદવાડીના રહેવાસી મિતેશ શામજી (ઉમર વર્ષ ૩૨) અને કરણ પ્રેમજી બામણીયા (ઉંમર વર્ષ ૨૧) તથા વણાંકબારાના રહેવાસી ભરત દિલીપ સિકોતેરીયા (ઉમર વર્ષ ૨૬)નું પણ પાકિસ્તાન એજન્સી દ્વારા અપહરણ થયું છે. દીવ ખાતે આ સમાચાર પહોંચતા દીવના માછીમારો તથા પરિવાર જનોમાં ચિંતા વ્યાપી છે.